= કાઠીઆવાડની =

રસીલી વાતો

એટલે

સૌરાષ્ટ્રની રસભરી વાર્તાઓ

અનુક્રમણિકા

શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ, સુરત.

મૂલ્ય પાંચ આના.

કાઠીઆવાડની
રસીલી વાતો

એટલે

સૌરાષ્ટ્રની રસભરી વાર્તાઓ.

અસલ દુહા સોરઠાનો સંગ્રહ

સમ્પાદક:-કવિ શિવસિંહ કાળુભાઇવાળા

પ્રકાશક:—જે. વી. મહેતા,
શ્રી હરિહર પુસ્તકાલય, ટાવર રોડ-સુરત.

મુદ્રક:-ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયક
શ્રી અનાવિલ બંધુ પ્રિન્ટીંગ પ્રેસ, બરાનપુરી ભાગળ,
ભાજીવાળી પોળ-સુરત.

પ્રથમાવૃત્તિ] મૂલ્ય પાંચ આના. [સને ૧૯૩૯

કાઠીઆવાડની રસીલી વાતો

" સોરઠી પ્રેમપત્ર "

એક યુવક પ્રેમપત્રમાં પોતાની પ્રિયતમા નાગરીને પોતાની વિરહવ્યથાનું ભાન કરાવે છે.

એકલડાં અમે મેડીમાં મણા નૈ;
ક્યારેક તો તમે નજરે આવો નાગરી;

મારી સુશોભિત મેડીમાં હું એકલોજ છું. હે નાગરી! ક્યારેક તો મારી મેડીમાં આવી મને દર્શન દયો.

ગળ્યું ગોઠે નહિ દુધડીયે લાગ્યો દા;
તું વીનાના નાગરી મારે કાળજ લાગે ઘા.

મારે ત્યાં મિષ્ટાન્નો છે, સાકર નાખીને કરેલા દુધ છે પણ તારા વિના તે બધું કડવું ઝેર લાગે, નાગરી તારી વિરહ કટારીના ઘા, મારી છાતી વીંધી નાખે છે.

સેજું સુની સજણા, આંખે બળે અંગાર;
તું વીનાની નાગરી નિંદ્રા નો આવે લગાર.

હે સ્નેહણ તારા વીના મારી શૈયા સુની લાગે છે, આંખોમાં અંગાર મૂકયા હેય એવી વેદના થાય છે, નાગરી? મને જરા પણ નિંદ્રા આવતી નથી.

તડપે મારી કાય હૈયામાં હરમત નથી;
કામણગારી કામણનાંય નેણાં માર્યા નાગરી.
સુતા બેઠા સાંભરે છો, કાળજ કેરી કોર;
હિલડે બાંધ્યો દોર નયણ પતંગે નાગરી.

તારા વિરહે, જળ વિહોણા મચ્છ જેમ મારી કાયા તરફડી રહી છે. હૈયામાંથી હિમ્મત ચાલી ગઈ છે, કામણગારી મને ઘાયલ કરી મૂકયો છે, સુતો હોઉં કે બેઠો હોઉં છતાં મારા કલેજાની કોર હું તને સંભારૂ છું તારા પ્રેમપતંગ સાથે મારૂં મન દોરની પેઠે બંધાઇ ગયું છે.

પલંગ ઉપર પોઢતાં થર થર કાયા થાય;
જબકી જાગી જવાય, નેણે નવ નીરખું નાગરી.
દિલડા ભીતર સાંભરો, દિ'માં દસ દસવાર;
મળશો કયારે નાર? નેહની ભાવી નાગરી.

પલંગ ઉપર પગ મૂકતાં મારી કાયા કંપી ઉઠે છે, અનિદ્રામાં સૂતો હોઉં ત્યારે સ્વપ્નમાં તારાં દર્શન થાય છે. જબકી–જાગી ઉઠી જોઉં છું તો તું દેખાતી નથી. દીવસભર મારા અંતરમાં તારૂંજ સ્મરણ થયા કરે છે, હવે બાધેલો સ્નેહ નીભાવવા તું મને કયારે મળીશ?

ઘટાડો ઘડી તાલ, જીવડલો જપે નહિ;
સાંભરે તારાં વહાલ, નિત્ય ઉઠીને નાગરી.

હૃદયમાં કેવળ તારીજ ઝંખના છે, તારા વિના મારો આત્મા જંપતો નથી, હરહંમેશાં મને તારો સ્નેહ સાંભર્યા કરે છે.

" ઉજળી "

વહુ પ્રભુ વાહ! શી તારી લીલા? સાત સાત વરસ સૂધી જેડવાડની પ્રજાને અનાવૃષ્ટિએ અકળાવીને આજ તેં એક સામટી મહેર ઉતારી નાથ; તારીતો બલિહારી છે!

જેઠવાડમાં છેલ્લા સત વરસ ઉપરા ઉપર દુકાળો પડયા પછી આજ મધ્યાન કાળથી ભારે ગાજ વીજથી સાથે મુશળ ધારે વરસાડ પડવો શરૂ થયો હતો. અને અત્યારે નિશાના બીજા પહોર સુધી એક ધારો વરસી રહ્યો હતો શહેર ગામડા ને જંગલ બધે જળ બંબાકાર થઇ ગયું હતું. આજથી નિશાનો દેખાવ પ્રલય કાળની કાળ રાત્રી જેવો દેખાય રહ્યો હતો એવી વેળાએ ઠાંગા પર્વતની તળેટીમાં વસેલ ઠાંગાના નેશના એક છેડા પર આવેલા એક સાદા ઘરની ઓસરીમાં ઉભેલો એક વૃદ્ધ પુરૂષ પરમાત્માની અજબ માયાને વખાણતો ઉપરોકત વાકયો બોલી ઉઠયો.

તે પુરૂષનું નામ અમરો. જાતે ચરણ હતો તેની પુત્રીનું નામ ઉજળી પિતા વૃદ્ધ હતો પુત્રી જુવાન હતી. પણ હજુ અપરણીત હોવાથી પિતૃગૃહે હતી. પિતા પૂત્રિ સિવાય તેઓના પરિવારમાં બીજું કોઇ નહોતું. ઉજળી અત્યારે ઓરડામાં સુતી હતી. તે વિજળીના એક ચમકારા સાથે ઓરડા બહાર દોડી આવી, પોકાર પાડી ઉઠી.

આપા! કોઇ આદમી!"

પુત્રીના એ વાક્યો સાંભળી અમરાએ કાન માંડયા તો તેણે તેની ખડકી બહાર અશ્વની હણહણાટી સાંભળી. એટલામાં બીજો વિદ્યુત ચમકાર થયો. તેના પ્રકાશમાં ઉજળીએ અશ્વનું ડોકું દીઠું.

જુઓ, જુઓ બાપુ કોઈનો ઘોડો તણાઈ આવ્યો જણાય છે. એમ બોલતા પુત્રિએ આંગળી ચીંધીને પિતાનું ધ્યાન ખેંચ્યું.

વૃદ્ધ ચારણ ઓસરીના પગથીયાં ઉતરી ફળીયામાં ગયો. પૃથ્વીમાં સમથળ જળ પથરાઈ રહ્યું હતું. તે છાતી સુધી ડુબતો ખડકી બહાર નિકળ્યો. તેના દ્વાર આગળ એક અશ્વ ઉભો હતો તેને મોડે પકડી વૃદ્ધ ફળીયામાં ઘસડી ચાલ્યો ને છેક ઓસરીની કોર લગી લઈ ગયો.

પિતાની વાટ જોતી ઉજળી ઓસરીની કોરે ઉભી હતી. તેને ઉદ્દેશીને વૃદ્ધ બોલ્યો, "બેટા ઘોડા ઉપર ઘોડેસ્વાર છે. પણ શરદીથી બેશુદ્ધ થઈ ગયો છે. તેના હાથની મડા ગાંઠ ઘોડાની વાઘો સાથે પડી ગઈ છે. ઘોડો જાતવાન એટલે એને કોઈ નિર્જન જંગલમાંથી અહીં વસ્તીમાં ઘસડી લાવ્યો."

"હવે શું કરશું?" ઉજળીએ પૂછ્યું.

"પહેલાં આપણે બન્ને મળી આને ઘોડા ઉપરથી ઓરડામાં લઈ જઈએ." અમરાએ જણાવ્યું.

"બહુ સારૂ" કહી ઉજળીએ અશ્વ પર બેશુધ્ધ થઈ પડેલા પુરૂષને બખે હાથ દીધા. અમારાએ ચરણો ઝાલ્યા. ઉભય ઉંચકીને ઓરડામાં લઈ ગયા.

ઉજળી તું ઘોડાને એક ઢાળીયામાં બાંધી આવ!"
અમરાએ પૂત્રિને અશ્વ બાંધવા મોકલી ને તેણે પેલા પુરૂષના ભીના વસ્ત્રો ઉતારી પોતાના વસ્ત્રોમાંથી એક જોડ પહેરાવી ખાટલા પર સુવડાવી દીધો

બેશુદ્ધ પુરૂષને ખાટલે સુવડાવી અમરો તેને ઉષ્મા આપવાની ઇચ્છાએ અગ્નિ ચેતવવાની તરખડમાં પડ્યો, પરન્તુ કષ્ટો હુવાઇ ગયા હતા. ચકમક અને કોકડું પણ અત્યારે કામ દે તેવાં રહ્યા નહોતાં એટલે તેણે અગ્નિ પ્રગટાવવાની આશા મૂકી. એટલામાં ઉજળી આવી.

"કેમ બાપુ ?"

"ઉજળી આ માણસને શરદી લાગવાથી સંપૂર્ણ બેભાન થઇ ગયો છે હજુ તેના મસ્તકમાં જીવ છે. પણ જો તેને તાત્કાલીક ગરમાવો નહિ મળે તો તે ઘડી બે ઘડીમાં મરણને શરણ થઇ જશે."

એમ બોલતો તે ગહન વિચારમાં પડયો. એના મનમાં પ્રશ્ન ઉઠયો ઉજળી એના અંગની ઉષ્મા આપી આ પુરૂષને બચાવે તો તેમાં તેના સ્ત્રી ધર્મને કયો બાધ આવે તેમ છે? માતા પૂત્રને અને ભગિની ભાઇને ગોદમાં લે એ રીતે ઉજળી આ આદમીને ગોદમાં લે તો તેમાં કયો અધર્મ છે. મનુષ્યની જીન્દગી બચાવવામાં પાપ, પૂન્ય કે ધર્માધર્મ વિચારવાનો ન હોય પણ બાપ ઉઠીને દીકરીને શી રીતે કહે કે તું આ પુરૂષને તારા બાહુપાષમાં લે. એ મુંઝવણમાં તે ઉસો છે એટલામાં ઉજળીએ પૂછયું, 'બાપુ! બોલતા કેમ નથી? આ પુરૂષની સારવાર કરવાની મને રજા છે?'

'હા દિકરી! આપણા ઘરમાં અત્યારે દેવતા સળગતો નથી. જો બીજે કોઇ ઠેકાણેથી મળે તો હું લઇ આવું. પણ મને લાગે છે કે આવી મોડી રાતે કોઇને ત્યાં દેવતા નહિ હોય, હોય તોયે અગ્નિ, દેવતા કે ચકમક અહિં લવાય એટલીવારમાં હવાઇ જાય છતાં જાઉં છું ને તને આજ્ઞા આપતો જાઉં છું કે મારા જવા પછી આ પુરૂષને મરતો બચાવી લેવાની તને કાંઇ પણ યુક્તિ સુજી આવે તો તે અજમાવતા અચકાઇશ નહિ.'

એમ કહી અમરો ઓરડા બહાર ચાલ્યો ગયો. જુવાન ઉજળી અંધારા ઓરડામાં ઉભી ઉભી વિચાર કરવા લાગી કે 'અગ્નિ સળગાવી તપાવ્યા સિવાય આ પુરૂષને બીજી કઇ ઉષ્મા આપી શકાય? હા, સ્ત્રીઓના બાહુ પાશની ઉષ્મા પુરૂષોને માટે ચેતનદાયક મનાય છે, શું આ પુરૂષ ઉપર એ ઉપાય અજમાવવાનું મારા પિતા કહેતા ગયા હશે? હા એમજ! પણ આ એક પર પુરૂષ; પર પુરૂષને મારાથી શી રીતે સ્પર્શી શકાય? ઉપાય એક છે જો તે અજમાવાય તો તારા તાતની આજ્ઞાનું પાલન થાય. એક મનુષ્યના બહુ મુલ્ય જીવનની રક્ષા કરી શકાય અને મારો ધર્મ પણ સચવાય. તે ઉપાય આ પુરૂષને અત્યારથી હું મારૂં તન મન ને જીવન સમર્પી દઉં, મારૂં બલિદાન દઇને તેને બચાવી લઉં. આ પુરૂષ ગમે તે હોય, રાય હોય કે રંક, ભંગી હોય કે બ્રાહ્મણ, પંડીત હોય કે મુર્ખ, રૂપાળો હોય કે કદરૂપો, ચાહે તેવો હોય તોય અત્યારથી મારો ભરથાર!'

એમ બોલી એ કુંવારી ચારણ કન્યા ખાટલા પર ચડી, એક મનુષ્યને મરતો બચાવવામાં મહા પુન્ય પ્રાપ્ત કરવા નેસડામાં ઉછરેલી એ નિષ્પાપ ચારણ કુમારીકાએ એક અજાણ્યા પુરૂષને આખો અવતાર સમર્પી પર્યંકમાં લીધો. ઉજળીના આગની ઉષ્મ લાગવાથી પેલો બેશુદ્ધ પુરૂષ શુદ્ધિમાં આવ્યો. ઉજળી છલંગ મારી ખાટલા પરથી ઉતરી દુર જઈ ઉભી રહી.

'હું અત્યારે કયાં છું?' પુરૂષે ખાટલા પર બેઠા બેઠા પુછ્યું.

'ડાંગાના નેશમાં' ઉજળીએ જવાબ આપ્યો.

'તમે કોણ છો?'

'અમે ચારણ છીએ. તમને તમારો ઘોડો અમારે આંગણે ઘસડી લાવ્યો એટલે તમારી સેવા ચાકરી કરવાનો અમે અમારો ધર્મ બજાવ્યો.'

ઉજળીએ અજાણ્યા પુરૂષ સાથે એવી વાતો કરે છે એટલામાં વૃદ્ધ અમરો તે સ્થળે આવ્યો. ઉજળી કયો ઉપાય અજમાવ્યો હશે તે સમજ્યો. પરન્તુ ગામડીયાઓના મન નિરવિકાર હોય છે કે નર નારીઓના સ્પર્શમાં તેઓ કશો દોષ માનતા નથી.

અમરાએ તે અજાણ્યા પુરૂષનું નામઠામ પુછ્યું એટલે તેણે જણાવ્યું કે, 'હું ધુમલીનો રાણો મેહ જેઠવો! આપણા દેશમાં સાત વરસથી ઉપરા ઉપરી દુકાળો પડતા હતા તે તમો જાણતા હશો? કોઈએ મને કહ્યું કે એક મંત્ર કુશળે બારે મેઘ બંધનનું તાવીજ બનાવી તે તાવીજ એક મૃગના શિંગડાંમાં બંધ કરી તે મૃગને અરણ્યમાં

છુટો મુકી દીધો છે. તે પ્રકાર જાણવામાં આવતાં હું ધુમલીથી મારા અશ્વ પર સ્વાર થઇ મૈ છોડાવવા અરણ્યમાં નિકળ્યો. ઘણી મહેનતે તે મૃગને પકડી પાડીને મેં તેના શિંગડામાંથી તાવીજ કહાડી ફાડી નાંખ્યું. તે સાથે બારે મેઘ તૂટી પડ્યા. મને ધુમલીની દીશા સુઝી નહિ. થોડીવારમાં બેશુધ્ધ થઇ ગયો. જયારે શુદ્ધિમાં આવ્યો ત્યારે અહીં છું.

જેઠવાહનો રાણો મેહ જેઠવો પોતાને આંગણે ? ચારણે પોતાને ભાગ્યશાળી માન્યો. ઉજળી ખુશી થઇ પોતે જેને જીવન સમર્પ્યું તે જેવો તેવો નહિ, ક્ષત્રિય રાજા પોતાનો સ્વામી છે.

અમરા, ઉજળી અને મેહ વચ્ચે ઘણી વાતો થઇ. મેહ ત્રણ દિવસ લગી અમરાને ઘરે રહ્યો. ચોથે દિવસે વરસાદ બંધ થયો ત્યારે અમરાની રજા લઇ ધુમલી ગયો.

૨

જે દિવસથી મેહ ગયો તે દિવસથી ઉજળી વાટ જુએ છે કે મેહ પોતાને તેડી જવા રથ મોકલશે. એમાં બેસીને પોતે ધુમલી નગરમાં જશે. જેઠવા રાજાની પટરાણી થઇને સંસાર સુખમાં મહાલશે એવી આશામાં તે મેહની વાટ જુએ છે. ચારણ કવિઓએ તે પ્રસંગની ચીની બાર માસીમાં વર્ણવ્યો છે.

કારતક મહિના માંય, સૌને શિયાળો સાંભરે;
તેની ટાઢકીયું તન માંય, ઓઢણ દે આભના ધણી.

માગશર માસે માનવી, સૌનો એકજ શ્વાસ;
ઈ વાતુનો વિશ્વાસ, જાણ્યું કરશો જેઠવા.

કારતક મહિનામાં કામીનીઓને પોતાના કંથની સોડય સાંભરે છે, એટલે આભાનો ધણી મને અવશ્ય બોલાવી લેશે. માગશર મહિને પતિ પત્ની એકજ શ્વાસ લે છે તે વાત સંભારી જેઠવો મને બોલાવી લેશે.

પોષ મહિનામાં પ્રીત, માણે અદકી માનવી;
રાણા રાખો રીત, બોલ દઈ બરડાના ધણી.
મહા માસે પરણે માનવી, ઢોલ તંબાળુ ધ્રુસકે,
લગ્ન ચોખો જો આવે, તો વધાવું વેળુના ધણી.

પોષ મહિનામાં પતિ પત્ની વચ્ચે પ્રિત વધતી જાય છે. રાણા તમે મને પ્રેમનો કોલ દીધો છે. હે બરડાના ધણી તે બોલ પાળવા ઝટ આવજે અથવા લગ્ન લખી મોકલાવજો. એ લગ્ન હું ઉલ્લાસપૂર્વક વધાવી લઈશ.

ફાગણ મહિને ફૂલ, લાગે અતિ રળીયામણાં;
એના મોંઘા થાયે મુલ, વિજોગણને વેળુ ધણી:
ચૈતર મહિને ચેહ, ડોલરીઆ દઈએ નહિ;
ખંતીલા ખબરૂ લે, વિજોગણુને વેલું ધણી.

ફાગણ મહિનામાં ખીલેલાં પુષ્પો અતિ રળીયામણાં લાગે છે. એ ફૂલનાં મુલ્ય તો મારા જેવી કોઇ વિજોગણજ આંકી જાણે! હે ડોલરીયા! આ ચૈતર મહિનામાં તારા વિરહે મારા હૈયાને તડફડાવીશ નહિ. વેલુ સરિતાના ધણી ઝટ દર્શન દેજે તારી વિજોગણને હવે વધુ અકળાવીશ નહિ.

વૈશાખે વનમાંય, આંબે શાખુ ઉતરે;
ઇતમ વીના કરમાય, વિજોગે વેલુના ધણી.
જેઠ મહિનો જાય, ઘો તુઠી ઘેણું નથી;
પુછલેલ પશાણુ ખાય, જીવન વિહોણા જેઠવા.

વૈશાખ મહિનામાં આંબા ઉપર કેરીઓ રસદાયક છે ત્યારે મારા મ ની મિઠાસ તારે વિયોગે કરમાઇ જાય છે. જેઠ મહિનામાં સઘળા પશુઓને નવજીવન પ્રાપ્ત થાય છે, ત્યારે મારા જેવા શુષ્ય પશુઓ મરણ પથારીએ આળોટતા દેખાય છે.

જેઠ મહિનો જાય. એનો ઘોખો ઉર ધરીએ નહિ;
નો અષાડ ઉતરી જાય. વિમાસુ વેળુના ધણી.
અષાડ કોરો ઉતર્યો, મયણુ પતળ્યો મેહ;
ખંતીલા ખબરૂ લે. વ્હાલ ધરી વેળુ ધણી.

તમારા તેડા વગરનો જેઠ મહિનો ભલે જાય પણ અષાડ ન જાય એ લક્ષમાં રાખજો. મને વિમાસણુ રહે છે કે એ મહિનામાંય તમે તેડવા નહિ મોકલો અને એમજ થયું. વાટમાં ને વાટમાં અષાડ પણ વીતી ગયો. હે ખંતીલા હવે તો તારી વિજોગણુના વાવડ લે !

શ્રાવણુ મહિને સુખ, માણે સઘળા માનવી;
પણ તું વણુ પામુ દુઃખ વિજોગે વેળુના ધણી.
શ્રાવણુ મહિનો સાબદો, જેમતેમ કાઢયો છે;
ખંતીલા ખબરૂ લે, વિજોગીની વેળુ ધણી.

શ્રાવણ મહિનામાં આવતાં તહેવારોમાં સઘળા માનવીઓ મોજ માણે છે ત્યારે તારા વિરહે હું એકજ દુખાનુભવ કરી રહી છું. પ્યારા મોહ! આવા સુખદ મહિનામાં તો મારી સંભાળ લે.

ભાદરવો ભરપુર નવાણ નવા જલથી ભર્યો;
પણ ખાલી મારૂં ઉર, તું વિનાનું જેઠવા.
આસો મહિનામાં અમે, રાણા લાલચ રાખીએ?
દર્શન દીયોને તમે, જીવન વળાંતો જેઠવા.

ભાદરવા મહિનામાં નદી, નાળાં અને સરોવરો નવા જળે છલકાઇ રહ્યા છે ત્યારે મારા હૃદયમાંથી આનંદજળ સુકાઇ ગયાં છે. રાણા! આસો મહિનામાં તમારા તેડાની આશા રાખું? જો તમારા દર્શન થશે તોજ મારાથી હવે જીવાશે નહિ તો વિરહે તરફડી તરફડીને મારી જીંદગી પુરી થશે.

આસો મહિને આશ, સહુને સૌ સગાતણી;
પણ રાખી મને નિરાશ, વિયોગે વેળુના ધણી.
આવ્યા દિવાળીના દીન, ઘરઘર દિવા ઝળહળે.
પણ મેં તારા વીણ, મારા હૈયામાં હોળી બળે.

આસો મહિનામાં હજારો કોષ દૂર વસતા સ્નેહિઓ પણ સ્નેહિને મળવા ઘરે આવે છે પણ તેં મને વિજોગણને એ આશામાં નિરાશ રાખી. દિવાળી આવી આંગણે. આંગણે દીપમાળાઓ જળહળે છે ત્યારે મારા હૈયામાં તારા વિયોગની હોળી બળે છે.

આમ વાટમાં ને વાટમાં બાર મહિના વીતી ગયા છતાં ઉજળી મેહના આગમનની આશા મુકતી નથી. આજ આવશે, કાલ આવશે એવી પ્રતિક્ષા કરતી એકાંતમાં બેસીને મેહને વિનવતી હતી.

મે કેરા મંડાણ, કળજુગમાં ખોટા થયાં;
ઇચ્છે ઉજળી રાણ, કાં આવો નહિ વેળુ ધણી.
ભર માંડે ખોટા વાદળાં, વાયે ટાઢો વા;
મેનું કોઇ મ, માનશો આવે નહિ તે આ.

કળીયુગમાં જેમ માગ્યા મેહ વરસતા નથી તેમ ઉજળી મેહની વાટ જુએ છે તે રાણો મેહ આવતો નથી. જેમ મેઘાચ્છીત વાદળ અને શિતળ વાયુથી પળ બેપળમાં મે વરસવાની આશા રખાય છે તેમ કોઇ પ્રવાસીના રથ, અશ્વથી ચડેલ ધૂળની ડમરી જોઇ ઉજળી આશાતુર થાય છે કે મેહ આવ્યો, પણ જેમ જામેલી મેઘઘટા વરસ્યા વિના વિખરાય છે તેમ તેમ ઉજળીની આટકળ જુઠી પડી જાય છે. એ વખતે તેનાથી બોલાઇ જવાય છે કે એ મેહ આવે એવો કયાં છે ?

મોટે કુણગે મે, આવે ધરણી ધરાવતો;
પણ અમ પાંતીનો જે, નીકળે જયોં નહિ જેઠવો.
હાબક હુંઠા અમે, કુણગે પાલવીએ નહિ;
તોરણું દીઓ ને તમે, તો વન કોળે વેળુ ધણી.

મૉધમાર વરસાદે ધરાને ધીરવી દીધી. પણ મારા મેહ! તેં મારી સંભાળ લીધી નહિ. શુષ્ક વૃક્ષના થડ જેવી હું તારા અલ્પકૃપા જળ વડે પુલકીત થવાની નથી. જો મારા પર તારા કૃપાજળની ઝડી વરસાવશ તોજ મારી જીવન-વાટિકા ખીલી ઉઠશે

મે મે કરીએ અમે, પણ મેના મનમાં નહિ;
તોરણું દીઓને તમે, તો જીવતા રહીએ જેઠવા.
મે મે મૂખથી અમે, બપૈયા જેમ બોલીએ;
વ્હેલા આવીને તમે, જીવતી રાખો જેઠવા.

બપૈયા જેમ હું આઠે પહોર મે, મે પોકારૂં છું તથાપિ મેનું આગમન થતું નથી. હે જેઠવા! મને જીવતી રાખવી હોય તો ઝટ આવો.

મ ... તું મેહ, તારા વેઠયા નહિ વળીગે;
એક સગપણ ને સ્નેહ, તુ તાણશ તો ત્રુટશે.
મે મે કરીએ અમે, પણ મે આવે નહિ;
કાં તો માંદા પડીઓ મેહ, કે વિજળીએ વણુંભીયો.

હે મેહ! હવે તારા વિના મારાથી નથી રહી શકાતું. જો તું મારી સંભાળ નહિ લે તો આપણી વચ્ચે જે પ્રેમ છે તે તુટી જશે. પણ મેહ આવ્યા વિના રહે નહિ. મને લાગે છે કે તે માંદો પડી ગયો હશે.

ઉજળી મેહના વિયોગે રાતદિવસ ઝુરવા લાગી. આખરે અમરાના જાણવામાં સઘળી વાત આવી ગઈ.

ચારણપુત્રી રજપૂતની આહક થઇ તે માટે તેને શોક થયો પરન્તુ તે એકની એક પુત્રીનું દુઃખ દેખી શકયો નહિ, તેથી તે ઉજળીને સાથે લઇ ધૂમલી જવા તૈયાર થયો. કોઇએ તે પ્રસંગને અનુસરી કહ્યું કે:-

ઉજળી હાલી હટાણે, માથે મંડાણો મેહ;
વરા મેલીને વરસશે, જેવી જેઠવાની દેહ.
ઉજળી હાલી હટાણે, માથે મંડાણો મેહ;
સ્નેહ સાટે સાટવશે, જેવો જેઠવાની દેહ.

અમરો અને ઉજળી ધૂમલી પહોંચ્યા. મેહ જેઠવાએ તેઓનો સત્કાર કર્યો અને પોતાની ઉપર કરેલા ઉપકારના બદલામાં જે જોઇએ તે માગી લેવા કહ્યું. ઉજળીએ મેહનો કોલ માગ્યો. વચને બાંધીને તેણે જે વાત અત્યાર લગી જેઠવો રાજા નહોતો જાણતો તે જણાવતાં કહ્યું કે :-

મેં મનથી વર્યા પછીજ તે રાતે તમોને બાહુપાશમાં લીધા હતા એટલે મારી સાથે લગ્ન કરો.

ઉજળીની માગણી સાંભળી જેઠવાએ શોકભર્યા સ્વરે કહ્યું, 'ઉજળી ! એ કદાપિ ન બને કારણ કે તું ચારણ કન્યા છે.'

ચારણ એટલા દેવ, તને જોગમાયા જાણીએ;
જો લોહિના ખપ્પર ખપે તો, આલો લાજે ઉજળી.
કણુ દાણા કોઇ કહેતો, દઉં ગાડા ભરી;
હૈયે લાલચ હોય માગી લે તું ઉજળી.

તું સોરઠની ચારણી, હું રજપુત વીર;
નેવા કેરા નીર, મોભે ન પહોંચે ઉજળી.

ભેંશ ભાગેડુ હોય, વાંસે જઇને વાળીએ;
પણ હાથી કથળ્યો કોય, રોકયો રહે નહિ ઉજળી.

ઉજળી! ચારણ પૂત્રિઓ અમારે રાજપુતોને માટે જોગમાયાઓ લેખાય. જો તેનાથી મારા લગ્ન થાય તો ધુમલીની ગાદીને કાળુ કલંક લાગી જાય માટે આવી અયોગ્ય માંગણી મુકી બીજું જે જોઇએ તે માંગી લે. બાકી આપણો લગ્ન સંબંધ ઉકજ અશકય છે. મનુષ્યનું મન હાથીરૂપી છે, તે વશ રાખવું સ્હેલું નથી છતાં આપણી નાત્ય જાત્યનો વિચાર કરી તારી વૃત્તિ ફેરવી દે.

ઉજળી કહે તારા સિવાય મારે બીજું કાંઇ ન ખપે.

ખાંડના ખડીયા ભર્યા, સાકરમાં નહિ સ્વાદ;
મીઠપ તારી મે, ભારે મુકી ભાણુના.

બપૈયા બલ બીજેડ પાલર વીણ પીએ નહિ;
સમદર ભરીયા છે, જળ નવ બોટે જેઠવા.

ચારણ છન્નુ લાખ; બાંધવ કહી બોલાવીએ;
હું વરી સુરજ ની સાખ, ભવલગ તુજ ને ભાણુના.

જેઠવા : જગતમાં તારા કરતાં મને કોઇ વસ્તુ પ્રિય નથી. જેમ બપૈયા પાલરનું પાણી પીએ બાકી સરોવરો ભર્યાં છતાં તૃષા વેઠી પોકાર પાડે છે પણ તેમાં ચાંચ બોળતા નથી તેમ હું છન્નુ લાખ ચારણોને છોડી ભાણુના પુત્ર એક તનેજ વરી ચૂકી છું. માટે મેહ.

મરડાઈશમાં મેહ, ભાણુના અમને ભાળીને;
કામણુના માર્યા તેહ, ભાથામાંથી ભાણુના.
ઠાંગે રહેતી ઠેઠય, આગ્રે અહિં ઓરે નહિ;
પડી બરડાને પેટ, પીંજર દાણા પાણીએ.
અમને બોલાવીએ મેહ, મુખડુ કાં મરડી ગયો;
નગણા નાથી નેહ, બોલે નહિ બરડાનો ધણી.
આવે આશ કરી, એને નિરાશ નવ વાળીએ;
નહિ તો ભવના મેણા ભાણ, બેસે બરડાના ધણી.

મેહ તેં મને વચન આપ્યું છે કે ધુમલી આવી તું જે માગીશ તે આપીશ તેથીજ હું છેક ઠાંગાના નેશમાંથી અહિં સુધી આવી છું. આશાભરી આવેલને તું નિરાશ કરી પાછી કાઢીશ નહિ. નહિ તો હે ભાણુના પુત્ર! તને આખા ભવનુ મહેણું બેસી જશે

ઉજળાની વીનવણીથી મેહ એકનો બે થયો નહિ. ચારણ કન્યા તેને ચાનક ચડાવતી કહેવા લાગી.

છાણે વીંછી ચડાવીએ, ટાકર મારે તેહ;
બરડાના બીલ્લા આગળે, મેં માગી લીધો મેહ.
સાકરીએ સાદે બોલાવેલ બરડાના ધણી;
કુવા કાઈ કાઢે; લોંઠયચ રાખો ભાણુના.
આવે આશ કરે એને નિરાશ નવ વાળીએ;
નાકારો કાં ભણે. અમે ભોંઠા પડીએ ભાણુના.
ગરીએ ગમાણે તો, ન્હાસી નિકળાયે નહિ;
નહિ તો ભવ લગ મેણું બેસે ભાણુ, બરડાના ધણી.

મેં તો બરડાના બિલેશ્વર આગળ મેહવર માગી લીધો. એણે તો છાણાંના વીંછીની જેમ ખીજાઈને મને ડંખ દીધો. મેહ જયારેતું મારે આંગણે મારો મહેમાન હતો ત્યારે મને કેવે મીઠે સાદે બોલાવતો હતો. આજ કડવા વેણ કેમ કાઢો છો ? હે રાણા જાણ્યે અજાણ્યે કોઇના પ્રેમમાં સપડાઈ જઈએ તો છેવટ લગી નીભાવી લઈએ નહિ તો બદનામી બેસી જાય.

આટ આટલી વિનવણી છતાં મેહ માન્યો નહિ એટલે ઉજળીના અંતરમાં કોપ જવાળા ભભુકવા લાગી હવે તે મેહ પ્રત્યે માર્મીક શબ્દ પ્રહારો કરવા લાગી.

નળીયું હતી નકોર, ત્યારે બોલાવતો બરડાનો ધણી;
રહ્યું નહિ જાંઘુમાં જોર, ત્યારે જાતા કીધા જેઠવે.
કોરો ઘડો કુંભાર, અજાણે અમે ઉપાડીઓ;
ભવનો ભાંજણહાર. જાજરો જાણેલ નહિ જેઠવા.
પડશે પંડ શરીર, પસદગઢ પડશે નહિ;
વાતું રહેશે વીર, ભલા બુરાની ભાણના.
ફરતું આગળ ફુલ, એને માળી કોઈ મળ્યો નહિ;
માખી શું જાણે મુલ, ભમ્મર પાખી ભાણના.
બાળોતીયાની બળેલ, થાનોલે ઠરેલ નહિ;
આજ તેને તરછોડેલ, ભોઠા પાડયા ભાણના.

જેઠવા! તને ઉગારવા જીભ કચરી હુ તને વરી ત્યારે હવે તું ફરી બેઠો. એ વખતે મેં ન્હોતું જાણ્યું કે હું જે ઘડો

ઉપાડું છું તે કાણો હશે? મારા પ્રેમનું જળ એમાંથી ઢાળાઇ જશે. મેહ ! આ નાશવંત કાયાનો નાશ થશે પણ તારી ભલી બુરી કીર્તિ જગતમાં રહી જશે માટે ભાણુના પૂત્ર ! મારા જેવી જન્મ દુઃખીયારીને સ્વીકારી લે.

મેહ જેઠવાએ એકજ ઉત્તર આપ્યો. એ ન બને !

ઉજળીના મુખમાંથી શ્રાપધારા સરવા લાગી.

જો મુવો હત મેહ તો, દિલમાંથી દાઝયું ટળત;
મારે હૈયે દીધો છેહ, પાદર થાજો ધુમલી.
કુવ કુવ કરશે કાગ, ધુમલનો ઘોંઘાર જશે;
લાગો જાઝી આગ, આજ થકી તુજ અંગમાં.
બેસીશ નહિ કો દી, ઠીક ઠરીને આજથી;
રહેશે અંગ ઉપાધિ, જાણ્યે સાચું જેઠવા.

હે મેહ ! આ કરતાં તું મરી જા, હું તારી સાથે બળી ભવસાગર તરી જાઉં. જા મારો શ્રાપ છે. આજથી તારૂં ધુમલી નિસ્તેજ લાગશે. એને માથે કાળા કાગડા ઉડશે. તું ગરમીના રોગનો ભોગ થઇ પડશે. આજથી તારા જીવને ઘડીએ સુખ રહેશે નહિ.

પરાળે પંઠ ઢાંકશે, ત્યારે થાશે મુ સુગ;
જેઠવા તેં જાણ્યા નહિ, દિલ ભિતરના દુઃખ.
આભ પરેથી ઉચર્યા, જળમાં દીધો જોક;
સરગા પરમે શોક; પંડત મારો પામશું.

લેળા ત્યાં નથી જાણુતાં, જાણુશો જુજવા થયે;
સરવર ઘણાં સંભારશો, હંસા મેરામણ ગયે.
આજુથી આદી, અમે જાતા રહેશું જેઠવા;
અમને મનામણા કદી, મોકલીશ મા બરડા ધણી.

તારા શરીરને જ્યારે સાથરે સુવારશે ત્યારેજ મને શાન્તી થશે. તેં મારી હૃદય પીડાને પારખી નહિ એથી અહિંથી ચાલી જાઉં છું. મારી પાછળ કોઇને મનાવવા મોકલીશ નહિ.

આવો શ્રાપ આપી ઉજળી તેના પિતા સાથે ધુમલી બહાર નીકળી ગઇ. કયાં જવું તેની તેને શુધ્ધી રહી નહી.

આભ પરેથી ઉપડી, ચારણ ભુખી છે;
મતી મુંઝાણી માયરી, હવે કીંસે જાઉં મે?

ધુમલીથી નેસડામાં ગયા પછી અમરો પુત્રીના દુઃખે દુઃખી થતો બીમાર પડગો અને થોડા દિવસ બિછાને રહી મૃત્યુ પામ્યો. ઉજળી પિતાના મૃત્યુથી એકલી થઇ. એટલામાં તેને સમાચાર મળ્યા કે ધુમલીમાં મેહ જેઠવો છેલ્લી ઘડીએ છે. તેથી તે પ્રેમીના અંતીમ દર્શન કરવાની આશાએ ધુમલી તરફ ઉપડી.

ઉજળી શ્રાપ આપીને ગઇ તે દિવસથી મેહ જેઠવો બિમાર પડયો છે. દિવસાન દિવસ તેની કાયા ગળાવા લાગી. તેણે જીવનની આશા તજી દીધી.

ઠાંગાના નેશમાં નિકળેલ ઉજળી ધુમલી આવી જે મેડીમાં મેહ રહેતો હતો તે મેડી નીચે જઇ બુમ પાડી. મેહ! મારા પ્યારા મેહ! તારા દર્શન કરવા આવી છું. તારા વિના મને જગતના કોઈ ખુણામાં ગોઠયું નહિ.

કાવલડીને કાંઠડે, મારૂં રાવલ મન રીજયું નહિં;
ઇ ડીઠાં દીઠે મને, ભુલ ઘણેરી ભાણુના.
ગરમાં ડુંગર ગાજીયા, ફરકયા વેળુના વન;
મે મારૂં મન એકોળ રહ્યું બરડા ધણી.
ઉજળી કે અભડાણ્યું; કોઇ ન્યાતીલો મળ્યો નહિ;
છેલ્લી બાકીની છાં? જળની નાંખો જેઠવો.
મેડી હેઠય ઉભી ઉજળી, ચારણ ભુખી છે;
એને દર્શન દે, મુખ બતાવો ભાણુના.

મે કાવલડી કે રાવલ સરિતાને કિનારે મને ગોઠયું નહિ, ગીરના ડુંગરમાં મને તારૂં નામ ગાજતું સંભળાય છે. હે મે! દયા કરીને મને એકજ વાર દર્શન દે.

ઉજળીની આજીજી સાંભળી મેહ જેઠવાએ બારીમાંથી ડોકીયું કરી કહ્યું: જોઇ લે.

ઉજળી કહે—એમ નહિ.

વાડી માથે વાદળાં, મેડી માથે મેહ;
નજરૂ મળ્યા વીણુ નેહ, બાંધે નહિ બરડા ધણી.
ડોલરીયા દર્શન દે, કાં મુખડું છુપાવી ગયો?
તારા દર્શનના અમે, ભુખ્યા છીએ ભાણુના.

મેડીએ ભરાણો મેહ, ભાળે ના અમને ભાળીને;
ખંતીલા ખબરૂં લે, વિજોગણની વેળુ ધણી.
મેની મેડી હેઠય, ઉભી અરદસા કરૂં;
મોઢું દેખાડ ને મેહ, અમે ભુખ્યા છીએ ભાણુના.

મેહ! એક વખત મને ઉપર બોલાવ્ય, તારી નજર સાથે મારી નજરને મેળવી લેવા દે. મને બે ઘડી તારી સાથે મીઠી વાતો કરવાની બહુજ અભિલાષા છે.

મેહ જેઠવાએ ઉજળીની એ માગણીનો સ્વિકાર કર્યો નહિ. તેનો શુદ્ધ પ્યાર અનુભવી તે પરમ પ્રસન્ન થયો પરન્તુ પોતે ક્ષત્રિય હોવાથી પુજ્ય ગણાતી ચારણ જાતીની કન્યાના પ્રેમમાં પાપી ગણાવા કરતાં અચળ ટેક નિભાવી મરી મટવા તત્પર થયો. ઉજળી ત્રણ દિવસ લગી ભુખી ને તરસી મેહની મેડી નીચે ઉભી રહી તેને વિનવતી રહી.

ત્રીજે દિવસે મેહ જેઠવાએ દેહત્યાગ કર્યો તે વખતે ઉજળીએ રાણાના સહોદરને કહ્યું: મને મારા મેહ સાથે સતિ થવાની રજા દયો.

“કુંવારા?” કોઇએ પુછ્યું.

કુંવારા તમો સમજો છો.

અમરા કાજીની ઉજળી, ભાણુ જેઠવાનો મેહ;
જે દી પારણ પોઢતા, તે દાડાનો સ્નેહ.

એ સાંભળી જેઠવાઓએ ઉજળીની માંગણી મંજુર રાખી. ઉજળીએ પ્યારા મેહ પાછળ છેલ્લા શોક વાક્યો ઉચ્ચાર્યા.

તુંથી તાજી દઇ, બે ઘડીયે બોલ્યા નહિ;
ઇ અવઢય રહી ગઇ, જા મા કામી જેઠવા.
દાણા દર વખાના, સુખ વહાલા જેમ માનવને;
એવો મારા મનમાં મે, વસેલ વેળુના ધણી.
તાવમાં માણુસ જેમ, અળગા ઠેલે તન;
આજ અફીણ જેવી ઉજળી, લાગી મને મન.
અમૃત પીશે જે કોઇ, મીઠપ ઝાઝી લાગશે;
વિષ પીશે જે જોઇ, જીવતા નહિ રહે જેઠવા.

પ્રેમાળ બાળા ઉજળી કુંવારી હતી છતાં પ્રેમીના શબ સાથે સતિ થઇ કોણ કહે છે કે સ્વર્ગલોકમાં તે રાણા મેહ સાથે ઐકયતાના સુખો ભોગવી સુખી નહિ થઇ હોય ?

" જોગીદાસ "

કુંડલામાં અસલ ખુમ્માણુ કાઠીઓનું રાજ્ય હતું. તે રાજ્ય સામત ખુમ્માણુ નામના શુરવીર કાઠીએ જીતેલું. સામંત ખુમ્મણુના વંશમાં આલો ખુમ્મણ થયો. જ્યારે આલા ખુમ્મણે કૈલાસવાસ કર્યો ત્યારે તેને છ પુત્રો હતા.

ભોજ. સુળુ, હાદો, પાઠો, લુણો, સુરો.

એ છએ ભાઇઓ પિતાની જાગીરની વહેંચણી કરતાં અંદરો અંદર લડી પડયા. તેથી મ્હોટા ભાઇ ભોજખુમ્માણે ભાવનગર જઇ મહારાજા વખતસિંહજી ઉર્ફે આતાભાઇને

કુંડલાનો ગીરાસ અધાટ લખી આપ્યો. આતાભાઈએ ભોજખુમ્માણના ભાઈઓને કુંડલાનો કિલ્લો ભાવનગર રાજ્યને સોંપી દેવાનું કહેણ મોકલ્યું. ભોજ ખુમ્માણના ભાઈઓમાં હાદો ખુમ્માણ ભારે પાણીવાળો હતો. તેણે ગોહિલ ઠાકોરને વળતો જવાબ આપ્યો કેઃ—

આતાભાઈ કુંડલા તો અમારો પ્રાણ ગણાય જ્યાં લગી અમારા ધડ ઉપર માથા સલામત હોય ત્યાં લગી તે મેળવવાની આશા રાખશો મા.

હાદા ખુમ્માણનો એવો જવાબ મળતા મહારાજ આતાભાઈએ જબરી ફોજ લઈ કુંડલા ઉપર ચ્હડાઈ કરી. ખુમ્માણો કિલ્લાના બારણાં બંધ કરી બહાદુરીથી લડ્યા પણ ભાવનગરની તોપોએ કિલ્લો તોડી પાડયો તેથી ખુમ્માણો ન્હાસી છુટ્યા. છેક ગીરના જંગલમાં ન્હાસી ગયા. ત્યાં જઈને હાદા ખુમ્માણે સઘળા ખુમ્માણોને ઉશ્કેર્યા કેઃ—

'જો આપણે સુરજના પોતરા હોઈએ તો ભાવનગર સ્હામે છેવી લગી લડી લઈએ.'

'પણ આપાહાદા.' ભાવનગર રાજ્ય ગણાય, એની આગળ કેળવાયેલી ફોજ ભીમસેની તોપો, એ બધા સ્હામે આપણાથી શી રીતે ટક્કર ઝીલાય? એક ખુમ્માણે ભય દર્શાવ્યો.

'આપણે કયાં ભાવનગર સ્હામે ખુલ્લી રીતે ધિંગાણામાં ઉતરવું છે? આપણે તો ખોળીયામાં પ્રાણ રહે ત્યાં લગી બહારવટું કરવું છે.' હાદા ખુમ્માણે પોતાનો ઈરાદો જણાવ્યો.

હાદા ખુમ્માણનો નિરધાર સઘળા ખુમ્માણોને પસંદ પડયો. તેઓએ એકમતે કહ્યું કે આપાહાદા આજથી તું અમારો સરદાર, તારો બોલ પડે ત્યાં અમે બધા માથાં દેવા તૈયાર છીએ.

તે દિવસથી કુંડલાના ખુમ્માણોએ હાદા ખુમ્માણની સરદારી તળે ભાવનગર રહામે બહારવટું આદરી દીધું હાદાએ ભાવનગર તાબાના ગામ ભાંગવા માંડયા. એના બહારવટાની રાજ્યને જાણ થઇ એટલે તેને જીવતો પકડી લાવવા અથવા તેના સઘળા સાથીદારો સહીત તેનો નાશ કરી નાખવા ઉપરા-ઉપર લશ્કરી ટુકડીઓ રવાને થવા લાગી પરંતુ હાદો ભાવ-નગરના લશ્કરીઓથી નમ્યો નહિ. કુંડળગઢનો એ કેશરી ભારે વીરતાપુર્વક બહારવટું કરતો રહ્યો તેના બહારવટા વિષે ચારણ કવિઓ નીચેના દુહા કહે છે.

ગામે ગામ નગારા ઘુઘવે હાણુ ઉપર કરે હાણ;
ગઢ ઘેધા તક ઘુમતું, હાદલનું હમસાણ.
હમસાણ મચાવે હાદીઓ, હાલ ઉપર કરે હાણ;
ખડગ ધરી ખુમ્માણ, સોરઠ હચમચાવી હાદીયા.

હાદો ખુમ્માણ તેના ઘોડેસ્વારો સાથે ભાવનગરને ગામડે ગામડે ફરે છે. તેના ડંકાનો ઘોર નાદ સાંભળી વસ્તી ભયથી થરથરે છે. ખુમ્માણોના ઘોડા છેક ભાવનગરની પાડો-શમાં આવેલ ઘોઘા ગામ સુધી જપટ કરે છે, ઉપરા ઉપર રંજાડ કરીને ખુમ્માણે સોરઠ ધરાને ધ્રુજાવી દીધી.

હાદો ખુમ્માણુ એક વખત ગીરમાં તેની બહારવટીયા ટોળી સહિત પડયો હતો તેવામાં એક ચારણે આવી ફરીયાદ કરી કે હે ખુમ્માણુ!

ચારણુને સંતાપતો બચ્ચો જમાદાર;
એને તું વાળી તરવાર, દેખાડી દે હાદીયા.
છોરૂડા ચારણુ તણા, ઉફકડી ઉભા થાય;
ઈ તુંથી કેમ ખમાય? હાથી જેવા હાદીયા.

બાપ હાદા! અમે તને અમારા નેશમાં આશરો આપીએ છીએ એવા મિથ્યા વહેમને વશ થઇ કુંડલાની ગીસ્તનો જમાદાર બચ્ચો, અમને પારાવાર પીડી રહ્યો છે. એકવાર તું તેને તારી તરવારનું પાણી દેખાડી દે એ જમાદારની ધાકે ચારણુના બાળકો સુખથી નીંદ્રા લઇ શકતા નથી. હે ખુમ્માણુ તારાથી અમારા ચારણોના દુઃખ શી રીતે સહી શકાય છે?

ચારણને મુખેથી ઉપરોક્ત વાત સાંભળી શૂરવીર હાદો ખુમ્માણુ તેની સાથે તેના નેશડામાં ગયો. બરાબર એ વખતેજ જમાદાર ચારણોને સંતાપી રહ્યા હતો. હાદા ખુમ્માણે તેને દુરથી પડકાર્યો.

ભાયડો થાજે. જમાદાર ભાયડો થાજે.

એ પહાડી પડકાર સાંભળી જમાદારે જોયું તો તેણે કાળ જેવા કાઠીને જોયો. જોતાંજ

બચ્ચો ભાગ્યો બાંગ દઈ, સુણી હાદલનો હુંકાર;
ખુમ્માણુ તને ખમકાર, બબ્બે હાથે હાડીયા.

હુડી કાઢીને હાદલે, ફેંકી બરછી ખુમ્માણ;
એકજ ઘાએ લઈ ગઈ, બરછી બચ્ચાનો પ્રાણ.

હાદા ખુમ્માણની હાકલ સાંભળી જમાદાર ભાગ્યો પણ હુડી કાઢીને કાઠીએ તેને પકડી પાડયો અને બરછીના એકજ વારે વીંધી નાંખ્યો. ચારણો પોકારી ઉઠયા કેઃ—

છોરૂડા ચારણ તણા, હવે નહિ ઉફડકી ઉભા થાય;
રંગ હો આઝા રાય, ખમ્મા ખુમ્મણ હાદીયા.
બચ્ચાના બળે તને, તેં ઠાર્યા આલા કુમાર;
ખુમ્માણ તને ખમ્મકાર, હોજો ઝાઝા હાદીયા.

હાદા ખુમ્માણ તને રંગ છે. હવે અમારા ચારણના છોરૂડાને કોઇ જમાડશે નહિ રંગ છે કુંડલાના ધણી! તને ઘણાં ઘણાં રંગ છે.

એવા આશીર્વાદો લઈને હાદો ખુમ્માણ ચારણોના નેશડામાંથી તેને રહેઠાણે ગયો.

ઓગણત્રીસ વર્ષ સુધી શુરવીર હાદો ભાવનગર સ્હામે બહારવટું કરતો રહ્યો. ભાવનગરની ગાદીએ આતાભાઈ પછી તેના પ્રતાપી પુત્ર વિજયસિંહજી વિરાજમાન થયા. તે મહાન ગુણવાન, ક્ષમાવાન અને દયાળુ હતા. કવિ દલપતરામ ડાહ્યાભાઇએ તે મહારાજાની પ્રસંશા કરી છે.

ગોહિલ કુળ ગંગા નદી, તેમાં વડો તરંગ;
વખતસિંહ સુત વાંકડો, રાવળ પામ્યો રંગ.
ભાવનગરના ભુપતિ, વિજયસિંહ વડવીર;
નિર્મળ યશ પ્રસાર્યો જગે, સાગરવત ગંભીર.

ખુ ધ વા રે દરબારમાં, સુંદર સભા ભરાય;
કવિતા બોલે કવિજનો, ગુણ નૃપતિના ગાય

વળી ચારણ કવિઓ કહે છે કે :-

કડકે જમીનું પીઠ, વેહ મંડળ ઘડ કે વજા;
નાવ્યું છુટે નત્રિઠ, ધુબ્બાકે પરંભના ધણી.
થાળો મગજયોં થળહળે, દિલ્લી સતારા દેશ;
વખતાણી રજ માલના, હાલે કટક હમેશ.

એવા પ્રતાપી મહારાજા વખતસિંહજીએ ભાવનગર રાજ્યના બહારવટીઆઓને શોધી-ખોળીને વશ કરવા માંડયા. હાદો ખુમ્માણ એ વખતે એકસોને દશ વરસની વયે પહોંચ્યો હતો. આટલી લાંબી ઉંમરે તેને બહારવટાના પાપમયી જીવન પ્રત્યે કંટાળો આવ્યો. કોઈ વારની સાથે વીરતાપૂર્વક લડી મરવાનો દૃઢ સંકલ્પ કરીને એક દિવસ તે એક ગામડામાં ગયો. નજીકમાં ભાવનગરની ગીસ્ત પડી હતી તેને સંદેશો કહેવરાવ્યો કે:-

હું હાદો ખુમ્માણ અત્યારે ગામ ભાંગવા આવ્યો છું. જો મને પકડવાની હામ રાખતા હો તો હાલ્યા આવજો.

એવો સંદેશો પાઠવી વૃદ્ધ બહારવટીઆએ ગામબહાર એક વાડીમાં ડાયરો જમાવ્યો. સૌને ખોબે ને ધોબે કસુંબો પીવરાવ્યો ને પીધો. હુંગાપાણી કરીને સઘળા હોકાની મીઠી ફુંકો ખેંચતા બેઠા હતા તે વખતે બહારવટીઆ સાથે પીઠો ચારણ હતો. તેણે નીચેના દુહા સોરઠા લલકારવા માંડયા.

કાયા અમ્મર ન કોઇ, થીર માયા થેડી રહે;
એમાં કરી લે હોંચ, નામા કામા હાદીયા
શું બુઢા શું બાળ, માયાને પરવશ પડયા;
સિંહ બની ગયા શિયાળ, તેં હિમ્મત દાખી હાદીયા.

દુહાની રમઝટ સાંભળતો હાદો બેઠો છે એવે ભાવ-નગરની વારના અશ્વારોએ આવીને વાડી ઘેરી લીધી. વારના મોવડીએ પડકાર કર્યો

હાદા ખુમ્માણ! બહાર નિકળ. જો ભાગતો નહિ?

પીઠાએ અવાજ દીધો, જમાદાર! કેણ ભાગે હાદો? આશા રાખશો મા.

સો વખત શિયોરાં તણી, લોમે લીધેલ લાજ;
કેમ પગ પાછો દે આજ, હીમ્મત હારી હાદીઓ.
કુંડળ ગઢનો કેસરી, કેમ પાછા કરે પરિયાણ;
મુકી ખડગ ખુમ્માણ, અંત લડીયે આલા ઉત.

હાદા ખુમ્માણના દાદા લોમા ખુમ્માણે ભાવનગર પહેલાં ગોહીલોનું પાટનગર શિહોર હતું. તે નગર ઉપર સો વખત હલ્લા કર્યા હતા તેનો વંશ આજ મરતી વેળાએ પાછાં પગલાં કેમ ભરે?

પીઠો ચારણ ગીસ્તના જમાદાર સાથે આટલી વાત કરે છે એટલામાં જે સુરજ! કરતો એકસોને આઠ વરસનો વૃધ્ધ બહારવટીયો હાદો, વાડય ઠેકીને ઉઘાડી તલવારે વાડી બહાર આવ્યો. કુંડલાના એ શુરવીર કાઠીએ સામટી

ફોજ સામે ઘડીભર રણુરંગ જમાવ્યો. આખરે તે મરાણો. ચારણ પીઠો પણ તેની પડખે રહી લડતાં કામ આવી ગયો.

એ રીતે દાદા ખુમ્માણુનો અંત આવ્યો. એનું માથું ભાવનગર પહોંચાડવામાં આવ્યું. એના મૃત્યુથી કાઠીયાવાડના કાઠીઓમાં હાહાકાર વર્તાઇ રહ્યો. ભાવનગર રાજ્યે છુટકારાનો શ્વાસ ખેંચ્યો. લાંબી મુદતથી બહારવટું કરી પ્રજાને ત્રાસ આપનાર બહારવટીઓ ગયો.

૨

દાદા ખુમ્માણના પુત્રોમાંથી જોગીદાસ અને ભાણુ એ બન્ને ભાઇઓ પિતાના મૃત્યુ પછી ખુમ્માણોના અગ્રેસરો થઇ બહારવટે નીકળ્યા. જોગીદાસે ખુમ્માણોની સરદારી ધારણ કરી, જોગીદાસ જોગી જેવો નિષ્કામ નિતીમાન અને અને ખાનદાન હતો. કાઠી વીરોમાં તે મહાન ગણાતો. એને માટે કહેવાય છે કે:-

ધ્રુવ ચળે મેરુ ડગે, મહીદધ મેલે માણ;
જોગો કેમ જાતી કરે, ખત્રી વટ ખુમ્માણ.

ધ્રુવનો તારો સ્થાન ભ્રષ્ટ થઇ જાય, મેરૂ પર્વત ડગી જાય અને મહાસાગર મર્યાદા મુકી દે તે બધું ન બનવા યોગ્ય બને છતાં જોગીદાસ તેનો ક્ષત્રિયવટ ચુકે તેવો નહોતો.

એવા જાજરમાન કાઠી, ભાવનગર સ્હામે બહારવટે મંડાણો. ક્યારે?

સંવત અઢાર પંચોતરે, ફળહુળીયા ફરંગાણ;
ધરા સોરઠ જોગો ધણી, ખોભળ તણ ખુમ્માણ.

સંવત ૧૮૭૫, જયારે સોરઠદેશ ઉપર અંગ્રેજોનો શાંત અમલ સ્થાપીત થતો જતો હતો ત્યારે સમસ્ત સૌરાષ્ટ્રનો ધણી હોય એવું અભિમાન આણી હાથમાં ભાલો પકડીને જોગીદાસ પોતાની ધરા પાછી મેળવવા ધીંગાણે ચડયો.

ખુમ્માણ બહારવટીયો ભાવનગરના એક પછી એક ગામ ભાંગી રાજકર્મચારીઓને ભય ઉપજાવવા લાગ્યો. હાદાખુમ્માણે જે ક્રુરતા ન્હોતી વાપરી તે તેના ભલા, ભોળા ને નીતિવાન ગણાતા પુત્રે વાપરી. તેણે ખેડુતોના ધીંહરા કરવાની રમ્મત આદરી સીમમાં જે ખેડુત હળ ખેડતો દેખાય તેના ધડ, શીશ જુદા કરી નાંખે. માથાને હળની ધુંસરી સાથે લટકાવે ને ધડને હળની ધરી સાથે ઉભું બાંધી લઇને બળદોને ગામ તરફ હાંકી મુકે એનું નામ ધીહરા. જયારે ધીહરવળું હળ ગામડાની બજાર વચ્ચેથી નિકળતું ત્યારે લોકોના મુખમાંથી હાહાકાર સરી પડતો.

જોગીદાસની એવી ક્રુરતાથી કુંડલા પ્રગણાના ખેડુતો જમીન ખેડતા અટકી પડયા, તેથી લીલા કંજાર જેવા ગામડા વેરાન દશામાં ભેંકાર ભાસવા લાગ્યા. થળ માર્ગે એવી હાક બેસાડીને બહારવટીયાએ એક વખત દરિયામાર્ગે પસાર થતું એક વહાણ લુંટયું તેથી જળ માર્ગે પણ તેની ધાક બેસી ગઇ.

મારગ જે મુંબઇ તણો, જળ બેઠા નવ જાય;
ચેલે સમદર માંય જબ્બર જોગી દાસીઓ.

કાઠીઆવાડમાંથી સાગર વાટે જે વહાણો મુંબઇ તરફ જતા હતા તે હવે જતા નથી કારણ કે સાગરમાં પણ મગર મચ્છની માફક જોગીદાસ ઘુમતો દેખાય છે.

જોગીદાસ ખુમ્માણને પકડવા માટે મહારાજા વિજય સિંહજીએ મોટું ઇનામ જાહેર કર્યું હતું. તે ઇનામ મેળવવાની લાલચે ભલભલા યોદ્ધાઓ પ્રયત્નો કરી છુટયા છતાં ગીરના સિંહ સમો જોગી સપડાયો નહિ, તેથી કોઇ કવિએ ભાવનગરની કચેરીમાં જઇ મહારાજ વિજયસિંહજીને કહ્યું કેઃ—

કું કે ટોપી ફેરવ છ, વાદી છડવછ વાદ;
પણ નાવે કંડીએ નાગ, જાજડ જોગી દાસીઓ.

હે વજમલ! તમારી એક ફુંકે સર્પરૂપી અનેક શત્રુઓ પ્રજળી જાય છે તમારા ભુજબળે ભલભલા શુરવીરો વશ થાય છે પણ જબરજસ્ત જોગીદાસ તમારી વિજય કંડીયામાં સપડાય તેવો નથી.

હળાણુ થવા પીડસે, ઈ પડોતરાં પરમાણુ;
પણ ડસીયો જેને દેવાણુ, જીવે નહિ જોગીદાસીયા.

ઓચીંતા પગ પડે ને કરડે એ નાગ નહિ પકડા ઝલાય છે, પણ દેવતાઇ જોગીદાસ સ્હામે જે જાય છે તે જીવતો પાછો ફરતો નથી.

જોગીદાસ ભાવનગર રાજ્ય સ્હામે બહારવટે હતો છતાં વિજયસિંહજી તેને શત્રુ સમજતા નહિ તેના પ્રત્યે ભાતૃભાવ રાખતા. એ રીતે જોગીદાસ પણ વિજયસિંહજી પ્રત્યે પુજ્ય ભાવના ધરાવતો હતો. એમ એ ઉભય વીરો દુશ્મનો હતા પણ દાના દુશ્મનો દુનિયાના અન્ય વેરવૃત્તિવાળા શત્રુઓ નહિ.

બહારવટીઆ જોગીએ એક વખત ગીરના જંગલમાં માઠા સમાચાર સાંભળ્યા. એના એક ખુમ્માણે કહ્યું.

આપા! ભાવનગરમાં બાપુજીરાજ દેવ થયાં.

બાપુજીરાજ વિજયસિંહજીના ન્હાના ભાઇ. એના સ્વર્ગવાસથી મહારાજને કેટલું દુઃખ થયું હશે! એ દુઃખમાં દિલાસો દેવા પોતે ભાવનગર જઇ શકે?

એવો વિચાર આવતા જોગીદાસ બાપુજીરાજની લૌકિકે જવા તૈયાર થયો. રહેઠાણ બહાર નીકળી લીલીયા તરફના એક ખેડુતોના એક ટોળામાં ભળી છેક ભાવનગરના દરબારગઢમાં જઇ પહોંચ્યો. પટેલીયાઓ દરબારગઢમાં લોક રિવાજ અનુસાર પોક મુકતા બેઠા. અનેક હજુરીયાઓ સહિત ઠાકોર વિજયસિંહજી ઉભા હતા. તેણે સામટા સાદમાંથી બહારવટીયાનો પડછંદ અવાજ ઓળખ્યો. જોગીદાસ નજીક જઇને તે બોલ્યા: જોગીદાસ! છાના રહો.

જોગીદાસ નામ સાંભળતાં દરબારગઢમાં ભયભર્યું વાતાવરણ છવાઇ ગયું. કેટલીયે તલવારો મિયાન બહાર નિકળી, બહારવટીયાને માથે તોળાઇ ગઇ.

ખબરદાર ! વિજયસિંહજીએ હાથ ઉંચો કરી કહ્યું. "જોગીદાસ સ્હામે હાથ ઉંચકનાર મારો ગુન્હેગાર ગણાશે. અત્યારે તે મ્હારો શત્રુ નહિ પણ મિત્ર છે." મહારાજાના એ વાકયોથી તમામે તલવારો મિયાન કરી.

જોગીદાસે મહારાજા સન્મુખ બાપુજીરાજના અકાળ અવસાન માટે ખેદની લાગણી પ્રદર્શિત કરી. એ ઘડી અહીંતહીંની વાતો કરીને તેણે મહારાજની રજા માંગી. મહારાજાએ કહ્યુ.

જોગી ! બહારવટામાં કયાં સુધી ભટકીશ ? મારે શરણ થઇ જા, તું કહે તેટલી જાગીર આપું

હું તમારી દયા માંગવા નથી આવ્યો કહીને બહારવટીઓ ચાલતો થયો.

એવીજ રીતે એક વખત જોગીદાસ ભાવનગરના મહારાણી, નાનીબાને લુંટારાઓના પંજામાંથી બચાવી છેક ભાવનગર સુધી પહોંચાડી ગયો હતો.

મહારાજા વિજયસિંહજી જોગીદાસના આ બાળકોને ભાવનગર લાવી રૂડી રીતે રાખતા હતા. જોગીદાસની પુત્રી કમરીબાઇ લાયક વયની થઇ તેથી મહારાજાએ તેના લગ્ન કેહાણુના કોડીલા કુંવર સાથે ધામધુમથી કર્યા હતા. મહારાજાની એ ઉદારતા માટે કવિઓ કહે છે કેઃ–

માવતર મર્દપણું કરે, ફરે બહારવટે જે;
એનાં છોરૂને ચણ્ય દે, વેઢારછ વજપાળદે.

૩

જોગીદાસ પણ વિજયસિંહજી જેવો આદર્શ વીર હતો: તે પરનારી તરફ કદાપિ આંખ ઉચી કરીને જોતો પણ નહિ એટલેજ કહેવાય છે કે:—

પરનારી પેખી નહિ, માટે મણુા રા;
નહિ તો સુણી ઝાંઝરના ઝણુકાર, જટાધર મોહ્યા જોગડા.
નાર પણુકો થયે, જોગા ચિત્ત તારૂં ચળ્યું નહિ;
નહિ તો ભોળો ભિલડીએ, જટધર મોહ્યા જોગડા.
શૃંગઋષી ચળી ગયા, કામાને કામણુ ભણુ;
પણુ અચલીત ચીત ખુમ્માણુ, રાખ્યું જોગીદાસીઆ.

પરનારી સ્હામે હે જોગીદાસ ! તેં કદી પણુ મીંટ માંડી નહિ. નહિ તો ઝાંઝરનો ઝણુકાર સાંભળી જટાધર જોગીઓના ચીત્ત ચળી જાય છે. શંકર સમા ભિલડીમાં ભરમાયા. શૃંગઋષી સમા સુંદરીઓના નેપુર રણુકારે ચળી ગયા પણ તારૂં ચીત્ત ચળ્યું નહિ.

એવો નિતીવાન બહારવટીઓ બહારવટું કરતાં કરતાં આખરે થાકયો. એ સમજયો કે બહારવટામાં એકલું પાપજ છે. એ પાપનો વિચાર આવતાં હિમાળે જઈ હાડ ગાળી નાખવાનો નિશ્ચય કર્યો પણ એ પહેલાં છેલ્લે છેલ્લીવાર ભાવનગર સ્હામે લડી લઈ નામના મેળવી લેવાનો તેને લોભ લાગ્યો. તેણે મહારાજ વિજયસિંહજીને જાસો મોકલ્યો કે:—

"તૈયારીમાં રે'જો. હું જોગીદાસ તળ ભાવનગર ભાંગવા આવું છું."

એ જાસો મહારાજાએ પહેલાં તો હસી કહાડયો પણ જાસો મળ્યા પછી ત્રણ ચાર દિવસમાં તેને સમાચાર મળ્યા કે જોગીદાસ તેની બહારવટીઆ ટોળી સાથે ભાવનગર ચાલ્યો આવે છે.

એ સમાચાર મળતાં મહારાજા એક હાથણી ઉપર આરૂઢ થયા, અને સાથે થોડા અશ્વારો લઇ જોગીદાસ સ્હામે ચાલ્યા.

મહારાજાને જાસો મોકલીને બહારવટીઓ તેની ટોળી સાથે રહેઠાણમાંથી નિકળી ચૂકયો હતો. ભાવનગર સુધી બેધડક જવાનો તેનો દૃઢ નિશ્ચય હતો, તેથી તેણે ભાવનગરની દિશા પકડી. માર્ગમાં ધારૂકા ગામ ભાંગયું. ત્યાંથી આગળ વધીને ભાવનગરની પાડોશમાં આવેલા વરતેજ ઉપર પડયો. એટલામાં મહારાજા વિજયસિંહજીની ફોજ તેને આંબી ગઇ. વરતેજના પાદરમાં મહારાજાએ હાથણીની અંબાડી ઉપરથી અવાજ દીધો.

જોગીદાસ ભગાય તેટલું ભાગજે. જો આજ હાથ પડયો તો સારી વાત નથી. જોગીદાસે મહારાજાની રૂદ્ર મુર્તિ જોઇ. જોતાંજ તે જાણી ગયો કે અત્યારે છટકી જવામાંજ માલ છે. તેણે ઘોડી આડઅવળી દોડાવી. તેના કાઠીઓ પણ તેની પાછળ પલાયન કરવા લાગ્યા.

ઠાકોર બ્હારવટીઆઓ પાછળ થયા બ્હારવટીઆના ઘોડા તીર વેગે ઉપડયા ડુંગરી માર્ગમાં પ્રવેશી ટાણા ગામ ભાંગ્યું. ઠાકોર ટાણે આવે તે પહેલાં બહારવટીયાઓએ પૂર્વ દિશા સાંધી. નાગધણીબા ગામ લુંટયું ને બાળ્યું ત્યાંથી દિહોર અને દિહોરથી ટીમાણુ ગામમાં પડયા. વિજય-સિંહજીની હાથણીએ ટીમાણુના પાદરમા પગલાં માંડયા એટલે બહારવટીયાઓ શેત્રુંજીને ઉભે કિનારે નાસવા લાગ્યા. મહારાજા શેત્રુંજીને તીરે તેઓને આંબુ આંબુ થઈ ગયા.

જોગીદાસના માણસોએ ઘોડા મારી મુકયા. શેત્રુંજીના સામે કિનારે પહોંચી વારની દૃષ્ટિ મર્યાદામાંથી અલોપ થયા. માત્ર જોગીદાસ અને તેનો ભત્રિજો ભેભલ ખુમ્માણ એ બેના ઘોડા શેત્રુંજી વટાવવા તીર વેગે દોડી રહ્યા હતા. મહા-રાજાની બાજુમાં એક નિશાનદાર હતો. તેણે જોગીદાસની પીઠ પાછળ બન્દુક તાકીને કહ્યું.

'બાપુ! હુકમ હોય તો આ વડીએ ઉડાડી દઉં.'

'નહિ.' મહારાજાનો સાદ ફાટી ગયો. જોગી મારો દુશ્મન નહિ પણ સગા ભાઇ જેવો છે.

તો મારી લંબાયેલી બન્દુક હું પાછી નહિજ ખેંચુ. નિશાનદારે હઠ પકડી.

'એમ હોય તો ભેભલ ખુમ્માણ ઉપર ભડાકો કર.'

મહારાજાની આજ્ઞા મળતાં બન્દુક છુટી. ભેભલ ખુમ્માણને ઘોડી ઉપરથી ઉડાવી દીધો. જોગીદાસ ચમકયો. ભાગવાને

બદલે તેણે ઘોડી ઉભી રાખી. રેતીમાં આળોટતી એભલની લાશને તેણે ઘોડી ઉપર ઉઠાવી લીધી અને મહારાજ! રામ રામ કહી તેણે ઘોડી મારી મૂકી.

ફોજમાં એક ચારણ હતો એણે તે વખતે એક સોરઠો કહ્યો.

વીર વજમલની હાકને, કાઠી કેમ ખમાય?
હાદલનો હાકણ સુણી જોગો ભાગ્યો જાય.

મહારાજાને એ દુહો ગમ્યો નહિ તેણે ચારણ તરફ કરડી આંખ કરી. ચતુર ચારણ ચેતી ગયો ને પૂરી બોલ્યો.

જોરાવર છેગા કને, જોગો એક ન જાય;
હાદલની હાકલ સુણી, હાથણી થરથર થાય.

જોગીદાસ પાછળ નહિ પડતાં મહારાજાએ ફોજ ભાવનગર તરફ ફેરવી. જોગીદાસ સહીસલામત ગીરમાં પહોંચી ગયો. એભલ ખુમ્માણના શબને અગ્નિ સંસ્કારે પહોંચાડીને તેણે તેના માણસોને સંભળાવી દીધું કે 'ભાઇઓ! હવે મર્યા જીવ્યાના જુવાર છે. કુંડલા મેળવવાનો વિચાર ફળીભુત થયો નહિ અને થવાનો પણ નથી. હવે બહારવટામાં લાગેલા પાપ ધોઇ નાંખવા હિમાળે ગળાવા જવાનો મેં નિરધાર કર્યો છે. જતાં જતાં મારી ભલામણ છે કે હવે તમે વિજયસિંહજીના પગમાં તલવાર મુકી તાબે થઇ જજો અને કુંડલામાંથી જે કાંઇ થોડી ઘણી જમીન આપે તે લઇ લેજો.'

એવી ભલામણ આપીને બહારવટીયો ચાલી નીકળ્યો. ભાવનગરમાં મહારાજાને ખબર પડી કે જોગીદાસ હિમાળે ગળવા જાય છે. તુરતજ તેમણે પાછળ માણસો દોડાવ્યા. તેને મનાવી સમજાવીને ભાવનગર બોલાવી લીધો. એક ખાસ દરબાર ભરીને તેણે સમાધાનીની વાત કરી.

'જોગીદાસ! જે જોઇએ તે માગી લે! કહે તો કુંડલાના ચોર્યાસીએ ગામ પાછા દઈ દઉં.'

જોગીદાસ કહે 'નહિ, મારે કુંડલા ન ખપે. મહારાજાએ તેને આંબરડીની જાગીર આપી. તે તેણે રાજીખુશીથી સ્વીકારી લીધી. એ કચેરીમાં એક ચારણે વિજયસિંહ અને જોગીદાસ બન્નેને નીચે મુજબ વખાણ્યા છે.

જોગો જોડ કમાડ, માનો ભીતલ પર ધણી.
નહિ કાઠીઓ નાડ, જોધ્ધો જોગી દાસીઓ.
તન હાદલ વખતા તણાં, સમવડીયા દો ઉખાસ;
વજો વડો નવરંગ શા, જોગો દરંગા દાસ

હે વિજયસિંહજી! જોગીદાસ તમારો સમવડીયો શત્રુ હતો. તે સાધારણ કાઠી નહિ પણ વીર યોદ્ધો છે. તમો ઔરંગઝેબ બાદશાહ જેવા બળવાન તોએ દુર્ગાદાસ રાઠોડ જેવો બંડખોર નિવડયો. એ કાઠીઓની મહત્તાને વધારી જાણી.

અંગ્રેજે મલક હટાકીઓ, તોળી ત્રણે પરજાણ;
એમાં સૌથી ભારે નિકળ્યા, એક જોગો દુજો ભાણ.
જોગા જલમનો થાત, ઘણુમુલા હાદલ ઘરે;
તો કાઠી કીં કહે વાત, અમવડીયા સુબા તણા.

અંગ્રેજોએ કાઠીયાવાડના કાઠીઓની ત્રણે શાખાઓ જોઇતો, જોગીદાસ અને તેના ભાઇ ભાણ ખુમ્માણ કરતાં કોઇ વજનદાર કાઠી ન દેખાયો. ખરેખર જોગીદાસ! જો હાદા ખુમ્માણને ત્યાં ન જનમ્યો હોત તો કાઠીઓનું છત્રીશ રાજકુળમાં સ્થાન રહેત નહિ.

હત સૂરત ટેકો દઈ, તોળી ત્રણ પર જાણ;
હાદલ તન હાથે રહી, ખત્રિવટ ખુમ્માણ.
ડાળી ફણુ દાબી કરી, નાથ્યો કાળી નાગ;
એ તારા અહો ભાગ્ય, વજમલ શા વખાણીએ.

જોગીદાસે પોતાની ટેકના નાક પર કાઠીઓની ત્રણે શાખાઓની ક્ષત્રિવટ જાળવી રાખી એવા જોરાવર જોધ્ધાને તેં વશ કરી લીધો એ તારાં પણ અહો ભાગ્ય, વિજયસિંહ!

એ પછી જોગીદાસ આંબરડી જઇ રહ્યો હતો અને છેવટ સુધી પ્રભુભજન કરતો રહ્યો હતો. જ્યારે તે અવસાન પામ્યો ત્યારે તેનું સ્મારક બેસાડવામાં આવ્યું છે. તે હાલ આંબરડી ગામે મોજુદ છે.

" મંડળીક "

સોરઠની ગાદીએ એક એકથી ચડીયાતા રા' રાજાઓ થઇ ગયા છે. તે વંશનો છેલ્લો રાજા મંડળીક એવોજ હતો. તે ગંગાજળીયો રા' ગણાતો. વેરાવળ પાટણનો સરદાર વીજો તેનો એક મિત્ર હતો. એક વખત તે વીજો કોઇ ચારણીયાણીને શ્રાપે રક્તપીતના મહા રોગથી ગળી ગયો. તે ગિરનાર પરથી ભૈરવ જબ ખાઇ દેહ પાડી નાખવાનો નિશ્ચય કરી જુનાગઢ ગયો. વીજો ભૈરવ જબ ખાવા જાય છે, એ સમાચાર મંડળીકને મળતાં તે દોડયો. ગીરનારના દરવાજા આગળ તે વીજાને આંબી ગયો અને રામ રામ કહી વીજાને ભેટવા તૈયાર થયો.

અડશો મા મંડળીક ? તમનેય પત ચોંટશે. વીજાના મુખમાંથી પોકાર નીકળી પડયો. તે ચાર ડગલા પાછો હટયો.

તોય મંડળીક વીજાને ભેટયો. ભેટતાંજ વીજાનો મહારોગ મટી ગયો. તેથી એક ચારણે સોરઠો કાઢયો છે કેઃ

ગંગાજળીયા ગઢેચા, પંડ તારો પવિત્ર હતો;
વીજાનાં રગત ગયા. મનત્યુવાળા મંડળીક.

એવો દેવ જેવો મંડળીક નાગર ભક્ત નૃસિંહ મહેતાને શ્રાપે ઉતર જીવનમાં દાનવ બની ગયો હતો. માનવતા ભુલી તે અનાચારો આદરી રહ્યો હતો. એવી વેળામાં તેણે એક અદેખા ચારણને મુખે નીચેના વેણ સાંભળ્યાં.

બાપુ ! રૂપ તો ઘણી રમણીઓમાં હશે પણ દાતરણના ચારણ નાગાજણની સ્ત્રી મીનાબાઇના રૂપ આગળ બધી રમણીઓ ઝાંખી દેખાય.

એમ ? તો મારે નજરે નજર જોવી પડશે. મંડળીક મોહ પામીને બોલ્યો.

તે પછી થોડા દિવસે તે શિકારને બ્હાને થોડા સવારો લઇ ગીરમાં જઇ પહોંચ્યો. એક દી ગામ જોવાને બ્હાને દાતરણ ગામને પાદર ગયો.

દાતરણમાં નાગબાઇ નામે વૃધ્ધ ચારણીયાણી રહેતા તે સાક્ષાત ખોડીયારનો અવતાર મનાતા તેના પુત્રનું નામ નાગાજણ, નાગાજણની સ્ત્રી મીનાબાઇ મીણની પૂતળી જેવી રૂપાળી હતી. નાગબાઇએ મંડળીકના આગમન સમાચાર સાંભળ્યા એટલે ગામના તમામ ચારણ ચારણીયાણીઓને લઇ આંગણે આવેલા રાજવીને સત્કારવા ગયા. પાદરમાં મંડળીક પાસે હાથ જોડીને ઉભા રાખી અને મીનાબાઇને કહેવા લાગ્યા.

વહુ ! આપણા અન્નદાતાને વધાવો.

મીનાબાઇ હાથમાં પુજન સામગ્રીનો થાળ લઇ ઉભી હતી તે રા'ને વધાવવા આગળ વધી એટલામાં તો:-

થાળ ભરી સગ મોતીએ, વહુ વધાવવા જાય;
એમ તો અવળે રાય, મુ ફેરવી ગયો મંડળીક.
કંકુ અને કંકાવટી, હરખે ઝાલી હાથ;
ગઇ વધાવવા સોરઠનાથ, મુખ ફેરવી ગયો મંડળીક.

મીનાબાઇ પોતાને વધાવે તો તે માતા સમાન થાય! મીનાનુ રૂપ જોઇ મોહી પડેલો મંડળીક એવા અવળા વિચારે જે વખતે મીનાએ ચાંદલો કરવા હાથ લંબાવ્યો તે વખતે બીજી દીશામાં મુખ ફેરવી લીધું. મીના તે દીશામાં ગઇ તો તે ત્રીજી દીશામાં ફરી ગયો, તેથી મીનાએ નાગબાઈ તરફ દયામણે મુખે જોઇ કહ્યુ:–

કુઇ રા'તો ફરતો સેં ?

રા' નથી ફરતો બાપ રા'નો દી ફરે છે. મંડળીક! તું આ શું કરે છે?

અમે સોરઠની ચારણ્યું, તું માયલો વીર,
હીણી નજર હમીર, માવતરની ન હોય મંડળીક.
તપશ્યામાં ખામી પડી, કે કીયા કોટ ચડી;
તેથી મતી બગડી, મુ ફેરવી ગયો મંડળીક.
રાતે જે રટણ કરે, હર આગળ જોડી હાથ;
તે કીં તેનો સાથ, મેલી દીધો મંડળીક.

મંડળીક મીના ચારણ વધુ હોવાથી તારે માતા સમાન છે. નાહાન તેના તરફ કુડા નજર કરવાની કુમતી તને શાથી સુઝી. જુનાગઢના રાજાઓના તપ બળી ગયા. રાજધર્મ લોપાઇ ગયા કે તારી રૂડી મતી કુડી થઇ? આખી રાત તારા ભલા માટે હાથ જોડી પ્રભુ ભક્તિ કરનાર તારી રાણીને ભુલી તું કયાં ભટકે છે? જરા વિચારી જો મંડળીક તારી રાજ સમૃધ્ધિ કેવી છે?

ગીરવણુને ગઢ જુનો કુંડ દામો ને ગીરનાર,
ચુડાશ ઘર ચાર, અવર ઘર એકે નહિ.

પણુ આજ મંડળીકને જોગમાયાની શિખામણુ લાગે એમ ક્યાં હતું ? તે ગરજી ઉઠયો કેઃ–

ફકીરને ફકરાં કંઇક, માગી ખાય લોટ;
મંડળીક આજ માને નહિ, મર જાય ઉપર કોટ.

નાગબાઇ ! હું અત્યારે મીનાને મારા રાજમહેલમાં ઉઠાવી જવા માટેજ આવ્યો છું. જો રાજીખુશીથી નહિ સોંપો તો બળાત્કારે ઉઠાવી જઇશ.

મંડળીકની એવી હઠથી મીનાબાઇને પગથી માથે અઇ. તેણે જડપ મારી તેની કમ્મરમાંથી કટાર ખેંચી લઇ પોકાર પાડયો, ભાન ભુલેલા રાજા ! સોરઠાણીઓને સત કેટલાં વ્હાલા હોય છે તે અનુભવતો જા. એમ બોલી તેણે કટાર ઉદરમાં હુલાવી. પગવાર નાગબાઇના ચરણું આગળ તે નિર્જીવ થઇ ઢળી પડી. એ ઘડીએ નાગબાઇની આંખ ફુટકી એના મુખમાંથી શ્રાપની ઝડી વરસવા લાગી.

ગઢ જુનાની પોળ, દામો કુંડ દેખીશ નહિ,
તારા રતન પડશે રોળ, મુ સંભારીશ મંડળીક.
જાશે રા'ની રીત, રા'પણું રહેશે નહિ;
મેડીયું ત્યાં મસીત, મુ સંભારીશ મંડળીક.
નહિ ફરકે નિશાન, નેકી હુકમશે નહિ;
ઉમટશે અહરાણુ, મુ સંભાળીશ મંડળીક.

આલરના ઝણકાર કે, શંખ સંભળાશે નહિ;
માર માર પોકાર, મામદશાના મંડળીક.
નહિ હોય ઘેડા ઘેર, પાલખીયું પામીશ નહિ;
ગિરનારે ગરમેર, મુ સંભારીશ મંડળીક.
અતલશના ઉતારી, પહેરીશ ગળીયલ પાટ;
તું લઇશ મકાની વાટ, માન્યે સાચું મંડળીક.
કાને કુંડળ હચમચે હૈયે લોલક છાય;
તને સંકટના પડમાંય, મસ ન ચવશું મંડળીક.
પોથા ને પુરાણ, ભાગવતને ભાળીશ નહિ;
કાજી પઢશે કુરાણ, મુ સંભારીશ મંડળીક.
રાણીયું રાજ પખે, હીંડશે બજારે હાલત્યું;
ઓજલ આળસશે, મુ સંભારીશ મંડળીક.
દરવાજે દરવાન રા' તારા રહેશે નહિ;
ઉમટ શે હસરાણ, માર માર કરતો મંડળીક.

નાગબાઇના આકરા શ્રાપ વાક્યો સાંભળી મંડળીક
ાથી થડકી ઉઠયો. તે હાથ જોડીને ક્ષમા યાચવા લાગ્યો,
ંતુ નાગબાઇએ જણાવ્યું કે રાજા ! પડેલા મતી બગાડી
ે હાથ જોડ્યે શું વળે ?

જો મતી પાછળ ઉપજે, ઓ મતી આગળ થાય;
તો લોકોમાં નીંદાય નહિ, કાજ સૂધરી જાય.

એમાંય તું મારો અન્નદાતા ! તને શ્રાપ આપવાથી
ે અત્યારે પારાવાર પશ્ચાતાપ થાય છે.

જો નાગાજણ જનમ્યો ન હોત, તો વહુઆરૂ વહોરત નહિ;
તેં કુળ મારાને કોઇ. મશ લગાડી મંડળીક.
જાય તો જાંગરીયાં જાય, ખરીયા ખંખેરી કરી;
જાશો મૃગનો જાય, મા લચરાને મંડળીક;
કસ્તુરીયો ભ્રમણા કરે તુને ભણું તો ભણાય;
નાયક ઠબકો નાય, મા લચરાને મંડળીક.
ગોળી લાગી ગેબની હવે ભુસાસે નહિ;
આજુથી આદી, હીરણ્યના પાણી હરામ છે.

અને મંડળીક! મારા મૂખમાંથી અત્યારે જે વેણુ નીકળ્યા છે તે મિથ્યા નહિ થાય માટે

ઘોડા ને ઘોડલીયું લઇ જુને પછો જા;
અમને વીનવ મા રા' મતી બગડી મંડળીક.
પોતાના પરીયા તણી લાજું લોપો મા;
જુનાણું જતાં તો, મરવું પડશે મંડળીક.
નાગબાઇ દેવનો હોય, વહુ અડાણે આલીએ;
કુળ મારાને કોય, મશ લગાડી મંડળીક.
રૂડી મતી પલટી ગઇ, રહી કુડી મતી બાપ;
તે દા'ડાનો આ શ્રાપ, માન્યે સાચું મંડળીક.

હે મંડળીક તું આવો અવળી મતીવાળો શ્યે પાક્યો?

માતામાં મણા નહિ, પિતા રૂડી પેર.
થયો તું મોઢું જોયા ફેર, માન્યે સાચું મંડળીક.

અતલસ ના ઉતારી, પહેરીશ ગળીયલ પાટ;
તું લઈશ મ કાની વાટ, સું સંભારીશ મંડળીક.

નાગબાઇના શ્રાપો અસહ્ય જણાયાથી મંડળીક ન્હાસી છુટયો. તેના જવા પછી નાગબાઇએ દાતરણામાં ચિતા ખડકાવી તે ચિતામાં બેસી બોલી કે:-

મંડળીક આ તને શું સુઝયું ?
મીઠી નજરની મીટ ફુકી ન હોય મોહળ ઘણી,
હવે મોત સાથે પ્રિત નાગલને નમ્યો નહિ,
ભુલ્યો રાજા ભીત, નાગલને નમ્યો નહિ;
હવે જાશે રા'ની રીત. મૂ સંભાયે મંડળીક.

એમ કહી તે જીવતી બળી ગઇ. હાલ તેનો પાળીયો દાતરણા ગામે પૂંજાય છે.

નાગબાઇના શ્રાપથી મંડળીકને બહુ વિમાસણ થઇ પડી હતી પરંતુ તે વિમાસણ શી કામની ?

જે મતી પાછળ ઉપજે તે મતી પહેલા હોય;
તો કામ કોઇ બગડે નહિ લોક ન નિંદે કોય.

નાગબાઇને શ્રાપે નિર્બળ બનેલા મંડળીકને હરાવી થોડા સમયમાંજ ગુજરાતના બાદશાહ મહમદ બેગડાએ સોરઠ જીત્યું. મંડળીકને નાગબાઇના શ્રાપ બરાબર લાગ્યા હતા.

" સોન "

બાલંભાના પરમાર રાજાની પુત્રી સોને નીચેનો સમશ્યા યુક્ત સોરઠો રચ્યો હતો અને તે સાથે તેનો અર્થ કરી આપનાર રાજા કિંવા રાજકુમારને વરવાની તેણે પ્રતિજ્ઞા લીધી હતી.

ઘણું વણુ ઘડયા એરણુને અડયા નહિ;
શોધતા નો જડયા મળે તો મોકલાવજો.

આ સોરઠો સોનના પિતા રાજસિંહે શુરસેન નામના બારોટને આપી કહ્યું, કચ્છ કાઠિયાવાડના રજવાડાઓમાં ફરી આનો જવાબ લખી આપનાર રાજા અથવા રાજકુમાર સાથે સોનના લગ્ન નક્કી કરી આવો.

'શુરસેન કચ્છ કાઠિયાવાડના સઘળા રાજયોમાં ફર્યો પણ સોનની સમશ્યાનો અર્થ કોઇએ કર્યો નહિ તેથી નિરાશ થઇ બાલંભા તરફ પાછો ફર્યો. માર્ગમાં જેઠવાઓનું ધુમલી નગર આવ્યું. તે નગરને પાદર બગા સરોવરની પાળે તે વિસામો લેવા રોકાણો તે વખતે તેને વિચાર થયો કે:—

શુરા જાણુ સુજાણુ અક્ષર કોઈ ઉકલ્યો નહિ;
નરમાં ગુણખાણુ. સોન સમો રજયો નહિ.
શુસ ભેદ અભેદ અક્ષર કોઇ ઉકલે નહિ;
અધુરાના પુરા થવા શું સોનલ ના સુઝયો નહિ ?

એ રીતે

બગા સરોવર પાળ, બેઠો શુરો બગબાની;
સમસ્યા સોનલની કરાર પુરી થવી સરજી નહિ.
ચતુર મારા મનડા કયું રજવાડું બાકી રહ્યું ?
હોય તો કહે ને હા નહિ તો નીકાસે ભલો.

બગની માફક બગા સરોવરની પાળે બેસી બારોટ વિચાર ચકડોળે ચડયો. બધા રજવાડા પૂરી આવ્યો પણ સોનની સમશ્યાનો ઉત્તર મળ્યો નહિ. હવે કયું રજવાડું બાકી રહ્યું ? એ પ્રશ્ન મનમાં ઉઠતાં એકાએક સ્મરણ થયું કેઃ—

શુરા સાર સજેમ શું બગા પાળે બેસી રહ્યો ?
ગયો નહિ ધુમલ કેમ ? રજવાડું વિસરી ગયો.
બારોટ અને બરડે જયાં જેઠવાની જાત;
અધુરાના પુરા કરી, દેશે ઘોડા દાત્ય.

તુરતજ તે ઉઠયો ને ઉતાવળે પગલે ચાલતો ધુમલીની રાજસભામાં ગયો. ધુમલીની ગાદીએ હલામણ હતો પણ તે સોળ સત્તર વરસનો હોવાથી તેના વતી તેનો કાકો શીયો જેઠવો રાજ્યકારોભાર ચલાવતો. તે અત્યારે કચેરીમાં બેઠો હતો. બારોટે જઈ તેના હાથમાં સોરઠો મુકયો અને કહ્યું

મહારાજ ! આ સમશ્યાનો અર્થ કરી આપનાર રાજા અથવા રાજકુમાર સાથે બાલંબાના પરમાર ઠાકોરની પુત્રી સોનલ પરણશે.

શીયા જેઠવાએ સોરઠો વાંચ્યો પણ અર્થ થયો નહિ એટલામાં હલામણકુમાર કચેરીમાં આવ્યો. શિયાએ તેને સમશ્યા બતાવી. વાંચીને હલામણે કહ્યું કાકા! આમાં શું! અર્થ લખી દઉં.

હા લખો જોઉં!

તુરતજ હલામણે નીચેનો ભાવ લખી આપ્યો.

માતા મેરામણ વસે. પિતા વસે કૈલાશ;
જુના જોવે તો મોકલું, નવા આસો માસ,

એ રીતે અર્થ લખી આપી હલામણ ગયો. શિયા જેઠવાને સોનલ સાથે વરવાનો મોહ લાગ્યો. તે શુરસેનને લઇ રાજમહેલમાં ગયો. એક ઓરડામાં બેસાડી, તેની પાસે સોનામહોરની એક થેલી મેલીને બોલ્યો:-

બારોટ લઇ લ્યો.

આનો બદલો? બારોટે પુછયું.

તમારા રાજાને સમજાવી હલામણને બદલે સોન સાથે મને પરણાવી દયો.

સાંભળીને બારોટ ચમકયો સમશ્યા હલામણે ઉકેલી અને સોન શિયાને વરે? પણ થાય શું?

માયા વડી મોહની, જેના વજરના ગાળા;
સાંગો કે સલવાણા, કોઇ ચડયા કોઇ પાળા.

વિવિધ વસ્તુ બનાય, જગરાયે રચીયો જગત;
એમાં વડી વસ્તુ નાય, રૂપૈયા સરખી રાજીયા.
શું ભુ ઢાંકે બાળ, માયામાં પરવશ પડે;
સિંહ બની જાય શિયાળ, નાણા આગળ નાથીયા.

બારોટ સોનામહોરના ચળકારમાં અંજાઈ ગયો. સમસ્યા નીચે શિયા જેઠવાની સહી લઈ ચાલતો થયો. બાલંભે જઈ તેણે સોનના પિતાને કહ્યું કે 'ધુમલીના રાણા શિયા જેઠવાએ સમસ્યા ઉકેલી.'

રાજસિંહ પરમારે ઘડીયા લગ્ન લખ્યા. ધુમલીથી વેલ આવી. પૂષ્કળ કરીયાવર કરીને તે વેલ સાથે સોનને વળાવી. સોનની વેલ કેટલાએક દિવસે ધુમલી પહોંચી. ધુમલીને પાદર સરિતા કિનારે વેલે પડાવ કર્યો તે વખતે સોનની એક દાસી નદીએ નીર ભરવા ગઈ. તેણે આવીને સોનને એક નવી વાત કહી. શું કહ્યું?

બાઈ મને બાની મળી, નદીએ ભરતાં નીર;
એક વેણુએ કારણે, સોશાણું મમ શરીર.

દાસી એવું તને શું કહ્યું?

સાંભળો બાઃ-

બાંધી મુઠી લાખની, ઉઘાડી વાસર ખાય;
હલામણ દુહા પારખે, સોન શીયાને જાય.

એ સાંભળી સોનને સંદેહ પડયો તેથી તેણે કેટલાએક દુહા લખી દાસીને આપતાં કહ્યું તું શીયા જેઠવા પાસે જઇ આના અર્થ લખાવી લાવ્ય.

દાસીએ નગરમાં જઇ શિયા જેઠવાને સોનનો પત્ર આપી જણાવ્યું, મારા રાજકુંવરીએ આ સમસ્યાઓ મોકલી છે તેના અર્થ કરી આપો.

શિયાને કંઇ સમજણ પડી નહી એટલે તેણે હલામણને બોલાવી કહ્યું કુમાર ! આના અર્થ લખી આપો. તરતજ હલામણ સમસ્યાઓ વાંચતો અર્થ લખવા લાગ્યો.

માહે લીલું ને બહાર સુકું, ત્રાંબા વરણું જે;
સમજી શિયા જેઠવા અમને તું શું દે ? (શ્રીફળ)
લંક લપેટણ શિત હરણ, નહિ લંકાપતિ રાય;
જે કારણ કૌરવ મુઆ, તે મોકલજો રાય. (ચીર)
ધરા ઉપર ધરો, ગગના સર બાંધ્યો ગળે;
પવને પેખ્યું નહિ કે માછલે માણ્યું જળે. (શ્રીફળ)
ધણુપંખો ઉડ ગણ્યો, ઘરમાં જેનું ગામ;
વર પેલો તોરણ ચડે, કારીગરના કામ. (મોડીયો)
અણીયાળા ને વાંકડા, સુડા પંખી જેહ;
સમજુ શિયા જેઠવા, અમને તું શું દે ? (પાન)
સત નર બાંધ્યા સામટા, નારી કહેવાયે જેહ;
તુજ રક્ષાને કારણે, હાથ ધરી મેં તેહ. (ચુડી)

જ્યાં પવન નવ સંચરે, પંખી ન બેસે ડાળ;
તે સ્વાંતીના ફુળ મોકલો, સાચા શિયા ભુપાળ. (મોતી)
થઇ ઘોડો પ્રગટ ઘણો, પાને પાન હલંત;
સોનલ આવી સારવે, એ વસાણું ખંત. (પંખો)

હલામણે ઉપર મુજબ અર્થ લખી આપ્યા એટલે શિયાએ તે પત્ર આવેલ દાસીને આપ્યો. દાસીએ સોન પાસે જઇ કહ્યું કે સમસ્યાઓ ઉકેલનાર હલામણ છે શિયો જેઠવો નહિ.

એ સાંભળી સોન બારોટ પ્રત્યે ધિક્કાર દર્શાવતી બોલી:-

કાગળીયા કરી કુડના, ચારણીએ મને છેતરી;
ખુણે ખુટલ દેશ, જાણ્યો નહોતો જેઠવા.

હલામણ! મારા અપરાધ ક્ષમા કરશો. કપટી બારોટે તમારે બદલે શિયાનું નામ ગોઠવી દીધું. મને શી ખબર કે માણસોમાં આવા ખુટલ પુરૂષો પાકતા હશે?

ખારા પાણી ખાટવે; દાઇ વાળો દેશ;
સોન મ જાજે સાસરે, બરડાનો આ દેશ.

આ દેશનું પાણી સારૂં છે, લોકો ડાહ્યા છે પણ સોન હવે તારે શિયા સાથે પરણવું નહિ. પરણવું તો હલામણને નહિ તો કુવારા રહેવું એવો નિશ્ચય કરીને તેણે દાસીને પૂછ્યું, હલામણને તેં જોયા? કહે તો ખરી તે કેવા છે?

બા, એના શા વખાણ કરૂં!

જેવી સોન સુજાણ, એવો હલામણ હીરલો;
તન બે એકજ પ્રાણ, સરખે સરખી જોડલી.
જે દી નવરો નાથ, તે દી ઘડયો હલામણો;
પુતળું બેસાર્યું પાટ, બાંતેરસે બરડાનો ઘણી.
મોતીડાની માળ, હલામણના હૈયા મહીં;
કંકુવરણી કાય, ભલલ જુવાની જેઠવો.
હલામણને હોઠ, પોરવ્યા જાણે પરવાળ;
ભાલ ચંદ્ર સરીખડું, ગોર ગુલાબી ગાલ.

સોન, જેવી તું છો તેવોજ રૂપાળો હલામણ છે. જે દી પ્રભુ નવરો હશે તે દી એ પુરૂષ પ્રતિમા ઘડીને બરડાના દેવતાઇ સિંહાસને બેસાડી છે. એની કુમકુમ જેવી કાયા ઉપર જુવાનીની ચુમકીઓ ઉપડે છે. પરવાળા જેવા હોઠ, ચંદ્ર જેવું ભાલ અને ગોરા ગુલાબી ગાલોથી તે વધારે રૂપાળો લાગે છે.

હલામણના વખાણ સાંભળી સોન મોહ પામી. તેણે એક પત્ર લખી દાસીને વળી પાછી હલામણ પાસે મોકલી તેમાં તેણે લખ્યું કેઃ—

શિયાના સમણા થયા, ભમણા લાગી ભાસ;
ચતુર તું અંતર વસ્યો. તુજને મળવા આશ.
સોનલની સમસ્યા સાંભળા સાચો ઉકેલ નાર;
એ જાણીને સોનનો સાચો તું ભરથાર.

મરીશ પણ ડરીશ નહિ વરીશ તને ધરાર;
શીચો અમારો સાસરો તું મારો ભરથાર.
પ્રેમી હો તો પાળજે પ્રેમી જનનો પંથ;
વ્હાલપ વ્હાલ રાખજે એજ ઇચ્છુ કંથ.
પ્રેમી પ્રેમે વાંચજે, પ્રેમ પત્ર આ શ્યામ;
સ્નેહ ધરી સ્વીકારજે . સોનલના પ્રણામ.

તે પત્ર લઇ દાસી હલામણ પાસે ગઇ. તેને પત્ર આપી સઘળી બીના કહી તેથી હલામણના જાણવામાં સઘળી બીના આવી ગઇ. તેણે દાસીને પુછયું,

તારી રાજકુમારી કેવી રૂપાળી છે?

દાસીએ જવાબ આપ્યો કેઃ-

મુખ જાણે ચંદ્રમા, ઉજવળ રવી સમ ભાલ;
ભાલે તીલક શોભતાં, નાગ સરીખા વાળ.
મૃગ નયની માતંગણી, હંસ સરીખી ચાલ;
ગાત્ર ગુલાબ સરીખડા, અધ્ધર લાલ પરવાલ.
કોટ હંસ સરીખડી, નિતંબ ફળ અનાર;
ઉદર પોયણ ઓપતુ, ચરણ કુંમકુંમ સાર.
કર કમલ સરીખડા, નાસિકા શુક ચંચુ સોહાય;
કર્ણ સુવર્ણ અલંકારમાં, શોભીતાં દેખાય.
કદળી જંઘા કટ્ટી કેસરી, સ્કંધ ભરાવદાર;
ગૌર વરણી ગોરડી, શોભે સોન અપાર.

નમણી નાગ પદ્મણી, અપ્સરા નિરધાર;
એ સોન હલામણ જો મળે, તો સુધરે સંસાર.

સોનની પ્રશંસા સાંભળી હલામણનું મન જેમ પયમાં સાકર પીગળી જાય તેમ તેના પ્રેમમાં પીગળી ગયું. તે પુરેપુરો મોહ પામ્યો. તેણે સોનને વળતો પત્ર લખ્યો તેમા લખ્યું કેઃ-

પુરી કરશે પાર્વતી, પદ્મણી તમ આશ,
તમારા મનને પારખ્યું, મારૂં મન તમ પાસ.
વરવું તો એક સોનને, અવર ન વરવી નાર;
સોનલ, હલામણ તણો, એકજ છે નિરધાર.

પત્ર લખી આંગતૂક દાસીને આપ્યો એટલે તેણે સોન પાસે જઇ તે પત્ર વંચાવ્યો. પત્ર વાંચી સોન હર્ષ ઘેલી બની ગઇ. એટલામાં ધુમલીની વડારણો છાબ લઇ આવી. સોન તે ઠોકરે ઉડાવી બોલી કેઃ-

શિયા તણો શણગાર, સોનલને શોભે નહિ;
હલામણો ભરથાર, શીયો અમારો સાસરો.

માટે શિયા જેઠવાના વસ્ત્રાભુષણો પાછા લઇ જાઓ ને હલામણના લઇ આવો.

વડારણોએ સોનને બહુ બહુ રીતે સમજાવી પણ તે એકની બે થઇ નહિ એટલે તેઓ પોષાક લઇ પાછી ગઇ. જઇને સઘળી બીના શિયાને જણાવી.' શિયાને સંદેહ પડયો, 'હલામણે છુપી રીતે સોનને મળી ભરમાવી.

'તુરતજ તેણે એક સેવક સાથે કાળો પોષાક અને કાળો ઘોડો મોકલાવી હલામણને કહેવડાવી દીધું કે જો તું વડીલોની આજ્ઞાનુસાર વર્તનાર સપુત હો તો અત્યારે ને અત્યારે દેશવટે નિકળી જા.

'હલામણને એ આજ્ઞા મળી કે તુરતજ કાળો પોષાક ધારણ કરી કાળા ઘોડા પર સ્વાર થઈ દેશવટે ચાલી નિકળ્યો. એ વખતે આખા ધુમલીમાં હાહાકાર મચી ગયો.

૩

હલામણને શિયા જેઠવાએ દેશવટો આપ્યો એ સમાચાર સાંભળી સોનને શોક થયો. તે કલ્પાંત કરતી કહેવા લાગી.

ઉતારા અંગાર, જાતા લાગે જેઠવા;
હૈયામાં હુલ્યુ માર, હાલ્યો ગયો હલામણો.
મન ભણીયું નવ ભણાય, જાળવ્યું જળવાયે નહિં;
ઘુંટાય ઘટાડામાંય, વળી આવો વેળુ ધણી;
હલામણ હીલોળેલ, દુઃખના દરિયા ઉછળ્યા
અમારા પાંજરની પોળ, વીસ વસા વેળુ ધણી.
પીઢીયાળા પગે અમે ચોરીયે ચડયા નહિં;
તું જાતે સગે, હું આળોઠે બેઠી નહિ.
હાલાની હદમાંય, પીઠી ભરેલો પરવર્યો;
મીંઢાળ છોડું મસાણ, હું હારી બેઠી હલામણો.

સોન આવો કલ્પાંત કરી રહી છે એટલામાં શિયા જેઠવાએ તે સ્થળે આવી તેને પોતાની સાથે લગ્ન કરવા સમજાવી. પારાવાર લાલચો દેખાડી છતાં તે સમજી નહિ એટલે બળાત્કાર કરવા તૈયાર થયો. તે વખતે સતિએ તેને શ્રાપ આપ્યો કે.

વરસેક છ માસ ફોજ શત્રુની આવશે;
થાશે તારો નાશ જાણજે શિયા જેઠવા.

સતિનો શ્રાપ સાંભળી શિયાનો ગર્વ ગળી ગયો. તેની સાન ઠેકાણે આવી. તેણે થયેલા અપરાધની ક્ષમા માગી. જ્યાં હોય ત્યાંથી હલામણને બોલાવી તેની સાથે સોનને પરણાવી દેવા કહ્યું. પરંતુ સોન રોકાણી નહિ તે હલામણને સગડે સગડે ચાલી નિકળી.

ધુમલીથી નિકળેલો હલામણ ચાલ્યો જાય છે. હજુ તેને આશા હતી કે કાકો તેને પાછો બોલાવશે પણ જ્યારે.

મેલ્યું કાળુભાર ને કચોળીયું, મેલ્યું ભોજલ તળાવ;
જીવતા હશું તો આવશું, નહિ તો ધુમલને જુહાર.
માઠા શુકને નિકળ્યા, માથે કકળે કાગ;
જીવતા હશું તો આવશું, નહિ તો ધુમલને જુહાર.

કાળુભાર, કચોળીયું ને ભોજલ તળાવ મુકીને તે આગળ વધ્યો ત્યારી જાણી ગયો કે હવે તો જીવતા હશું તોજ ફરી ધુમલીના ઝાડવા જોશું નહિ તો છેલ્લા જુહાર છે.

બેઠો બગાધર, જાણ્યે મનામણા આવશે;
દેશવટો દીધો દરાર, સાચો શિયે જેઠવે.

બગાધર ઉપર બેસીને તેણે બે ઘડી વાટ જોઈ પણ કોઇ મનાવવા નો આવ્યું એટલે દઢ થયું કે શિયા જેઠવાએ સાચેસાચ દેશવટો દીધો છે ત્યાંથી ઉઠીને તે ચાલી નિકળ્યો. ચાલતાં ચાલતાં

ઢેબરીયેથી ઢળ્યા બારેમન ખૂતે નહિ;
ઓખો ઉતરીયા. આભાપર આઘો ગયો.

બરડાની ધારોડી જમીન મુકીને ઓખાની બારવાળી જમીન વટાવી ગયો. હલામણને માટે ધુમલીનો દેવતાઈ કિલ્લો ઘણો આઘો થઈ પડયો.

ચાલતાં ચાલતાં હલામણ સાગરને કાંઠે જઇ પહોંચ્યો. ત્યાં કેટલાએક માછીમારો માછલા પકડવા દરિયામાં જાળો નાંખતા હતા. હલામણ તેઓને કહેવા લાગ્યો હે વીરાઓ !

જાળોડા નાંખો જાળ મારા નમતની નોંધીને;
કરમ છે કપાળ કે, બાંતેરસે બરડે રહ્યા.

મારા નામની એક જાળ દરિયામાં જાવા દ્યો. જોઉં તો ખરો મારૂં ભાગ્ય મારી સાથે છે કે ધુમલીમાં રહ્યું છે ?

માછીમારે જાળ નાંખીને પાછી કાઢી તો સાચા મોતી નિકળ્યા. હલામણ કહે ખોટું ! આ દરિયામાં સાચા મોતી જ ભર્યા હશે માટે

જાળીડા નાખને જાળ તારા નામની નોંધીને;
મળે શંખલા ને શેવાળ કે સાચા મોતી નિકળે

તારા નસીબની જાળ નાંખી જો. એમાં સાચા મોતી નિકળે છે કે નહિ તે જોવા દે.

જાળીડે જાળ નાંખી તો એકલો કચરો આવ્યો એ જોઇ હલામણને હિમ્મત આવી કે મારૂં ભાગ્ય મારી સાથે છે, દૂર નહિ.

હલામણ દરિયાને કાંઠે કાંઠે જવા લાગ્યો. સાગરની સાથે પોતાના વિરહી અંતરની વેદના સરખાવવા લાગ્યો.

સુખ સાયરને નોય, રાત દિવસ રિસાયલા;
હાલક લોલક હોય, હલામણના હૈયા જેમ.

મારા હૈયાની માફક આ સાગરનેય શાંતી નથી. રાત દિવસ તે બિચારો ઉછળ્યા કરે છે એટલામાં એક મગર-મચ્છ એની નજરે ચડે છે તેને પૂછે છે.

મચ્છ તું મહા જળમાંય કયા અવગુણે આવીશો ?
આવા સાયર છાય ગણ ઉપર અવગણ કરે.

હે મગરમચ્છ તેં એવો કયો અપરાધ કર્યો છે કે તું આવા મોટા સાગરમાં રાત દિવસ રખડયા કરે છે. મચ્છ એને જવાબ આપ્યા વીના જળમાં ડુબકી મારી ચાલ્યો જાય છે એટલે તે દરિયાકાંઠે પડેલા સુકા વાંસ સાથે વાતો કરે છે.

હલામણ જો હોત તો, કાતળીએ કપાત નહિ;
મળતા મને વનવાસ, વન વન વીંખાણા વાંસડા.
વા'લા વિજોગી વાંસ, અહીં કયા અવગુણે આવીયા ?
ભણને મારી ભોમના, સંદેશા દે સોનના.
દે શાઇ કરૂં દુઃખ, વિક્ષો હરૂં વાંસડા;
ભણને મારી ભોમના, સંદેશા મને સોનના.
અહિંથી બાથ ભરી, આંગણીયે રોપવીયે;
જેથી કાજ સરે, સંદેશા દયે સોનના.

પણ જડને વાચા કયાંથી હોય ? હલામણ સોનને વિયોગે ઝાડ, પહાડ ને પત્થર સાથે વાતો કરતો કરતો કેટલાએક દિવસે કચ્છના કેરા નગરમાં જઇ પહોંચ્યો.

કચ્છના કુલ જાડેજાની કુલાદેવી હલામણની ફુઇ થતી. તેની સાથે ઘુમલીની એક વડારણ હતી. તે વડારણ હલામણને કેરાકોટની બજારમાં ઘુમતો જોઇ જાય છે. તે દોડીને રાણી પાસે જઇ વધામણી ખાય છે કે :–

કાળો ઘોડો કાટવો, બમ્મર ભળું હાથ;
બાઇ આપણી બજારમાં, મેં જોઇ જેઠવાની જાત.

'બાઇ આપણી બજારમાં મેં હલામણ કુમારને દીઠા પણ કાળે ઘોડે ને કાળે લુગડે છે.'

'ગમે તે હાલમાં હોય તેને જલદી દરબારગઢમાં તેડી લાવ્ય.' રાણીએ હુકમ કર્યો.

હાસી દોડી. બજાર વચ્ચે હલામણને પકડી પાછી આગ્રહ કરી દરબારગઢમાં તેડી ગઇ. રાણીએ હલામણને પૂછ્યું

અસુરા આવ્યા પારખું, શું છે તમારૂં નામ?
કયા રાજાના બેટડા, કયું તમારૂં ગામ?

હલામણ–અસુરા આવ્યા અમે પારખો, હલામણ મારૂં નામ;
રાજા ગજકરણનો બેટડો, ધુમલી મારૂં ગામ.

હલામણની ઓળખાણ મળતાં રાણીએ આંસુભીની આંખે ભત્રિજાના ઓવારણા લીધા. હલામણે સઘળી બીના ફુઇબાને જણાવી. ફુલાદે કહે બેટા! તું અહિં રહે, હું તને સોન કરતાં વધારે રૂપાળી સુમરી પરણાવું.

માથું હલાવીને હલામણે જવાબ દીધો.

લાંબા પહેરે ઘાઘરા, પેટે ડખરીયું,
ઓવારૂં સોનલ ઉપરે, સાબસેં સુમરીયું.
આવળ જેડી ઉજળી, બાલે ભારી બાળ;
સમરીયું આ સીંધની, સોન ઠને મેઘબાળ.

સીંધની સુમરીયો મને દીઠે ગમતી નથી. સોનના નામ ઉપરથી એવી સેંકડો સમરીયોને હું ઓળઘોળ કરી દઉં. આવળના ફુલ જેવી રૂપાળી સોન પાસે અહિંની સુમરીયો અત્યંજાણી જેવી લાગે.

હલામણની એવી હઠથી ફુલાદેવીએ તેને પરણાવવાની વાત માંડી વાળી. હલામણ થોડા દિવસ ફુઇને ઘેર રહી સોનને મળવા સોરઠ જવા પાછો સજ્જ થયો. એટલામાં

ધુમલીથી નીકળેલી સોન વનેવન ભટકતી કેરા નગરર આવી પહોંચી. ઘણા દિવસના વિયોગ પછી હલામ અને સોન મળ્યા.

કચ્છ કેરાના રાજાએ પોતાને આંગણે એ પ્રેમી યુગલ પરણાવ્યાં. એ વખતે ધુમલીમાં શું બન્યુ હતું ? શિય સોનનો શ્રાપ લાગ્યો હતો. બરાબર છઠ્ઠે મહિને કાળા િ નામના એક બહારવટીયાએ શિયા જેઠવાનો નાશ કર્ં મરતી વખતે શિયાને સતિનો શ્રાપ સાંભળ્યો હતો.

હલામણને કાકાના મૃત્યુ સમાચાર મળ્યા, એટલે કચ્છથી સ્વદેશમાં આવ્યો. તેણે બાહુબળથી કાળને હરાવ અને જેઠવાડ જીતી લીધું. એ પછી ધુમલીના દેવત સિંહાસન ઉપર બેસીને તે ધર્મ નિતીથી રાજ્યચાર ચલાવતો સોન સાથે આ સંસારમાં સ્વર્ગ સુખ ભોગવતો રહ્

સમાપ્ત